॥ तस्य वाचकः प्रणवः ॥

# ઋતમ્ભરા

**આત્મનો હિતાય જગતઃ સુખાય**




'યોગ' ભિક્ષા લાવીઓ, 'ભિક્ષુ' બની ગુરુદ્વાર;
મુમુક્ષુ જરૂર પામશે, સૌનો મુજમાં ભાગ.

॥ૐ॥

॥ તસ્ય વાચકઃ પ્રણવઃ ॥

# ઓમ્‌પરિવારના ઉત્સવ - ૧૯૯૭

| કયા પ્રસંગ નિમિત્તે | સ્થળ | તારીખ અને વાર |
|---|---|---|
| મહાશિવરાત્રી નિમિત્તે | દેવચંદભાઈ વી. પટેલ. શ્રી બાલાજી બહુચરાજી શક્તિપીઠ સોલા ચાર રસ્તા, ગાંધીનગર હાઈવે, સોલા. | ૯-૩-૯૭ રવિવાર સવારે ૧૦ થી ૩ |
| હનુમાન જયંતી નિમિત્તે | હરખજીભાઈ પટેલ મુ. જયદેવપુરા, તા. કડી, જિ. મહેસાણા. | ૨૭-૪-૯૭ રવિવાર સવારે ૧૦ થી ૩ |
| ગુરુપૂર્ણિમા | ઈચ્છાબેનની વાડી, પુષ્પકુંજ પાસે, કાંકરીયા, મણીનગર, અમદાવાદ-૨૮. | ૨૦-૭-૯૭ રવિવાર સવારે ૭ થી ૩ |
| ઓમ્ ગુરુદેવ જયંતી | પંકજભાઈ શાહ અશોક એપાર્ટમેન્ટ, સેન્ટ્રલ બેંકની સામેની ગલીમાં, સી.એન. વિદ્યાલય પાસે, આંબાવાડી, અમદાવાદ. | ૨૫-૧૦-૯૭ શનિવાર સાંજે ૪ થી ૮ |
| બેસતું વર્ષ | નૈષધભાઈ વ્યાસ ૩, ગંગાધર સોસાયટી, સરદાર પટેલ હાઈસ્કૂલની સામે, મણીનગર, અમદાવાદ-૮. | ૧-૧૧-૯૭ શનિવાર સવારે ૭ થી ૮ |
| દેવદિવાળી નિમિત્તે | દામોદરભાઈ અંબાલાલ પટેલ મુ. ગોવિંદપુરા, તા. કડી. જી. મહેસાણા. | ૧૬-૧૧-૯૭ રવિવાર સવારે ૧૦ થી૩ |
| શ્રી ગાયત્રી અનુષ્ઠાન સાધના શિબિર નિમિત્તે | "નિર્વિકલ્પ મુક્તિધામ" નાથાભાઈ એ. પટેલના ખેતરમાં, મુ. પલિયડ(વેડા), તા. કલોલ, જી. મહેસાણા. | ૨૮-૧૨-૯૭ રવિવાર સવારે ૧૦ થી ૩ |

**નોંધ :** ઓમ્ ભગવાનની કૃપાથી, આધ્યાત્મિક સ્મૃતિની જાગૃતિ અને આધ્યાત્મિક સંગઠનની ભાવનાથી ઉત્સવ મનાવવાનો પ્રયત્ન કરવામાં આવે છે. તો ઉત્સવ વિષેની વિગત ઉત્સવના આઠ-દસ દિવસ પહેલાં મેળવી લેવી જરૂરી છે. અમદાવાદની બહાર ઊજવાતા ઉત્સવોના સ્થળે પહોંચવા માટે લક્ઝરી કે એસ.ટી. બસની વ્યવસ્થા કરવામાં આવે છે. તો જે તે કાર્યક્રમ માટે નક્કી થયેલ સમય પહેલાં પૈસા ભરી નામ નોંધાવી દેવું જરૂરી છે.

**ઉત્સવની તારીખ અને સ્થળ યાદ કરવા માટે આ પત્રિકાની સાચવણી જરૂરી છે.**

ઋતમ્ભરા
(ઋતમ્ભરા એટલે અનુભવયુક્ત સત્યથી ભરેલું)
(બહુજનહિતાય - બહુજનસુખાય)
જાન્યુઆરી - ફેબ્રુઆરી - માર્ચ (ત્રિમાસિક)
VOL - VI ( 96-97 ) ISSUE - III માનદ્ તંત્રી - નૈષધ વ્યાસ

# પ. પૂ. ગુરુદેવ શ્રી યોગભિક્ષુજીની જીવનગાથા

સંકલન -નૈષધ વ્યાસ

પ. પૂ. ગુરુદેવ શ્રી યોગભિક્ષુજી, ઓમગુરુ પ્રેમસમર્પણધ્યાનભિક્ષુ પરિવાર ટ્રસ્ટના આદ્યસંસ્થાપક અને આધ્યાત્મિક વડા છે. પૂજ્યશ્રીએ પાતંજલ યોગદર્શન કથિત અષ્ટાંગયોગની સાધનાને પોતાની સાધના માની છે અને તેને જ પોતે સમર્પિત થયેલા છે.

એક યોગીના જીવન વિષે જાણવાની ઈચ્છા કોને ન હોય? અનેક જિજ્ઞાસુ સાધકો, પૂ. યોગભિક્ષુજીના જીવન વિષે જાણવાની ઈચ્છા વર્ષોથી પ્રગટ કરી રહ્યા છે. પરંતુ પ્રચારથી સદાય વેગળા રહેવા ઈચ્છતા પૂજ્યશ્રીએ ક્યારેય પોતાની આત્મકથા લિપિબદ્ધ કરવાનો પ્રયત્ન નથી કર્યો. હા, ક્યારેક યોગસાધકને માર્ગદર્શન આપતાં આપતાં કે અસંખ્ય સત્સંગ-પ્રવચનો દરમ્યાન જરૂરત લાગતાં, પૂજ્યશ્રીએ પોતાના જીવનના અમુક પ્રસંગો ટાંક્યા છે. આ બધા પ્રસંગોને યથાશક્તિ યથાયોગ્ય રીતે જોડી, તેને લિપિબદ્ધ કરવાની એક અનઅધિકાર ચેષ્ટા કરી રહ્યો છું. બાકી તો, એક યોગીના જીવનને, તેમની સાધનાને રજૂ કરવાનું એક અદના માનવીનું ગજું શું ?

શ્રી કૃષ્ણે યોગીપુરુષનો મહિમા ગીતામાં આ રીતે રજૂ કર્યો છે -

॥ તપસ્વીભ્યઃ અધિકઃ યોગી જ્ઞાનીભ્યઃ અપિ મતઃ અધિકઃ
કર્મભ્યિઃ ચ અધિકઃ યોગી તસ્માત્ યોગી ભવ અર્જુન ॥

અર્થઃ (સકામ) કર્મ કરનારાઓથી યોગી શ્રેષ્ઠ છે, તપસ્વીઓ કરતાં યોગી શ્રેષ્ઠ છે અને જ્ઞાનીઓથી પણ (યોગીને) શ્રેષ્ઠ માનેલો છે. માટે હે અર્જુન ! (તું) યોગી થા.

ઓમ્‌પરમાત્માને નમ્ર પ્રાર્થના છે કે પ. પૂ. ગુરુદેવ શ્રી યોગભિક્ષુજીના જીવનના પ્રસંગોને અહીં રજૂ કરવામાં સહાયરૂપ થઓ. અસ્તુ.

આજથી લગભગ સિત્તેર વર્ષ પહેલાં નદાણ ગામે (તા. કડી), હળવદના એક પવિત્ર અને ધાર્મિક બ્રાહ્મણ કુટુંબમાં પૂજ્યશ્રીનો જન્મ થયો. પૂજ્યશ્રીનું પૂર્વાશ્રમનું નામ મુગટરામ. તેઓના પિતાનું નામ પ્રભાશંકર અને માતાનું નામ ગોદાવરી બા.

પૂજ્યશ્રીના પૂર્વજો દ્વારા ધર્મ અને અધ્યાત્મ તેઓને વારસામાં મળેલા. તેમની આગળની પેઢીઓના નામ આ પ્રમાણે છે - જોશી મુગટરામ પ્રભાશંકર કેશવજી નાગજી. તેમની સાતમી-આઠમી પેઢીએ વિઠ્ઠલબાપા થઈ ગયેલા. તેમણે ઘણા મોટા પ્રમાણમાં મહારૂદ્ર યજ્ઞ કરાવેલો અને બહુજનહિતાય-સુખાય માટે તેઓ સંવત ૧૮૧૫ માં અતિરૂદ્ર યજ્ઞ કરાવવા ઈચ્છતા હતા અને તે માટે ઢગલાબંધ સામગ્રી ભેગી કરેલી. પણ કુદરતને તે મંજૂર નહીં હોય તેથી તા. ૨-૪-૧૭૫૯ ના દિવસે, મહેસુલ માટે, પેશ્વાના સરદાર સદાશિવ રામચંદ્રે હળવદ ગામને લૂટ્યું ત્યારે અગણિત ધનરાશીની તે યજ્ઞસામગ્રી પણ લૂટાઈ ગઈ.

નાગજીબાપા કાયમ કમરે તલવાર લટકાવી રાખતા. એક વખત જંગલમાં બે બહારવટિયા જોડે નાગજીબાપાને એવો ઝઘડો થયો કે તલવારને મ્યાનમાંથી કાઢવાનો પણ સમય મળ્યો નહીં, ઝપાઝપીમાં મ્યાન ટૂટી

ગયું અને ત્રાણે લોહીલુહાણ થઈને પડ્યા. બહારવટિયાઓના સગાંઓને ખબર પડી કે આ તો હળવદના બ્રાહ્મણ જોડે ઝઘડો થયો છે તેથી ખૂબ ગભરાયા અને નાગજીબાપાને પોતાના ગામ લઈ જઈ, પાટાપિંડી કરી, સાજા કરીને હળવદ પાછા મૂકી ગયા. કેશવજીબાપા નાતના આગેવાન હતા. ખૂબ બુદ્ધિથી કામ લેવાવાળા અને અતિ ધાર્મિક. પાછળની જિંદગીમાં કેશવજીબાપા મોટા ભાગનો સમય હળવદમાં નીલકંઠ મહાદેવના મંદિરમાં જ પસાર કરતા અને ઘરમાં પણ સંન્યાસી જેવું જીવન ગાળતા. આમ, પૂજ્યશ્રીના પૂર્વજોએ ધાર્મિક, પવિત્ર અને બહાદુરીપૂર્વકનું જીવન ગાળેલું.

મુગટરામનાં માતુશ્રીનું નામ ગોદાવરી બા. બા પ્રસંગોપાત્ત કહેતાં કે "નમે તે પ્રભુને ગમે"; તેઓ જીવન પણ એવી રીતે જ જીવતાં. મુગટરામ, બાના આ ગુણથી ખૂબ આકર્ષાયેલા અને પોતાના જીવનમાં આ ગુણ અક્ષરશઃ ઉતારેલો, મુગટરામના પૂજ્ય પિતાશ્રી બહુ ભણેલા નહીં પણ કોઠાસૂઝ એટલી બધી કે નાના અને મોટા સૌ એમની પાસેથી વ્યાવહારિક માર્ગદર્શન લે. ઘણાં વર્ષો સુધી પ્રભાશંકરબાપાએ "મુગટરામ"ના નામથી હળવદમાં અનાજની દુકાન ચલાવેલી. તેઓ એમ માનતા કે "મુગટરામ" નામ જોડે પોતાનું સારું લેણું છે. હાલમાં મણિનગરની દુકાનનું નામ પણ "મુગટરામ બ્રધર્સ" જ છે. અસ્તુ.

મુગટરામને નિશાળે મોકલવામાં આવ્યા પણ ભણવામાં ખાસ ચિત્ત ચોંટે નહીં. પરંતુ ગુરુનિષ્ઠાનું બીજ બચપણથી જ તેમનામાં હાજર. ભણવામાં તેઓ ખૂબ મંદ અને સ્વભાવ ખૂબ રમતિયાળ. ત્રીજા ધોરણમાં ભણતા ત્યારની વાત છે. હરિલાલ માસ્તર ભણાવતા. ઘરનું લેસન નહીં કરવાના કારણે માસ્તરે સાથળમાં ખૂબ ચોંટિયા ભર્યા, જેથી સાથળમાં લીલાં ચકામાં ઊપસી આવ્યાં. મુગટરામે મૂંગે મોઢે અસહ્ય વેદના સહન કરી. ચોથા ધોરણમાં મોહનલાલ માસ્તરે મુગટરામને મોનિટર બનાવેલા. માસ્તર ખૂબ શાંત પ્રકૃતિના. માસ્તરની ગેરહાજરીમાં એક તોફાન કરતા છોકરાને શાંત કરવા મુગટરામે તેને ટપલી મારી હશે. માસ્તર આવ્યા પછી તે છોકરાએ માસ્તરને ખૂબ ફરિયાદ કરી. માસ્તરે તેને તોફાન કરવા બદલ ઠપકો આપવાને બદલે ઉપરથી એમ કહ્યું કે મોનિટરે તને થપ્પડ મારી છે ને ? તું એને થપ્પડ લગાવ. તે છોકરો થપ્પડ મારવા મુગટરામ તરફ ધસ્યો, અને નજીક આવીને પૂરજોશથી તેમના ગાલ ઉપર એવો તમાચો માર્યો કે ઘડીક તો તેમને આંખે અંધારાં આવી ગયાં, પછી લાલપીળાં દેખાયાં અને કાનમાં સમ્.... અવાજ ગુંજી રહ્યો. થોડી વાર પછી કાનનો અવાજ બંધ થયો અને આંખોથી દેખાવા લાગ્યું. એ વખતે માસ્તર સાહેબ તેમને સંબોધીને કહી રહ્યા હતા કે અરે ! તું તો સાવ મૂર્ખ છે, પેલો લાફો મારવા આવે છે તોયે થાંભલાની જેમ સ્થિર થઈને ઊભો રહે છે ! એ વખતે મોઢું આઘુંપાછું કરીને તેનો લાફો ચુકાવી દેવો જોઈએ ને ? તેમને લાફો પડ્યા પછી માસ્તરને પણ ખૂબ દુઃખ થયેલું.

તે છોકરાને તો મુગટરામ રમતમાત્રમાં ભોંય ભેગો કરી દઈ શકે તેમ હતા કારણકે તેમનું શરીર ખાસું બળવાન હતું. પરંતુ જ્યારે તેમના માસ્તરે જ (ગુરુજીએ જ) તેમને લાફો મારવાનો પેલા છોકરાને આદેશ આપ્યો પછી તેમનાથી તેનો લાફો ચુકાવાય કેમ ? લાફો ચુકાવવાનો વિચાર પણ કેમ કરાય? માસ્તર સાહેબના આદેશ મુજબ લાફો ખાઈ જ લેવો જોઈએ ને ? મુગટરામના મનમાં આવા બધા વિચારો ચાલતા હતા તેની ખબર બિચારા માસ્તર સાહેબને ક્યાંથી હોય ?

ઉપરોક્ત પ્રસંગોથી સૂક્ષ્મ ગુરુનિષ્ઠાબીજ કેવી રીતે અને ક્યારથી મુગટરામના મનમાં કામ કરતું હતું તેનો આછો ખ્યાલ આવી શકે છે.

જેમ તેમ કરીને મુગટરામ પહેલી અંગ્રેજી એટલે પાંચમી ગુજરાતી સુધી ભણેલા. પાંચમીમાં નાપાસ થયેલા. ભણવામાં તેઓ ભલે મંદ પરંતુ યોગબીજ તો બચપણથી જ તેમનામાં પડેલું. ખૂબ નાની વયે યોગનાં અઘરાં આસનો અને પ્રાણાયામો તેઓ સહેલાઈથી કરી લેતા.

બચપણમાં અવારનવાર તેઓ તેમના મોસાળમાં જતા. તેમનું મોસાળ ખાખરિયા ટપ્પાના ખંડેરાવપુરા ગામમાં હતું. મોસાળમાં તેમના બે મામા. મોટા મામા જટાશંકર કે જેઓ અતિ કઠિન ધાર્મિક અને વર્ણાશ્રમધર્મયુક્ત જીવન ગાળતા અને આજીવન ત્યાગી (કુંવારા) રહેલા. મામાને તેમના ઉપર અપાર પ્રેમ હતો. તેમના નાના મામાનું નામ પ્રાણલાલ હતું. ખાખરિયા ટપ્પાનાં ગામડાંઓમાં ચોર-

બહારવટિયાઓનો ખૂબ ભય રહેતો. પ્રાણલાલમામા (પેન્ટરમામા) એવી ટેકવાળા અને એવી માન્યતાવાળા હતા કે પોતે જે ગામમાં રહેતા હોય તે ગામમાં ચોર-બહારવટિયા ન આવી શકવા જોઈએ. ઘરમાં બધી જાતનાં હથિયારો હોય. ત્યાં ગામડામાં ક્યારેક એવા પ્રસંગો આવે કે રાત્રે ચોકી કરવા જવાના વારામાં જવું પડે. એ સમયે મુગટરામની હાજરી ત્યાં હોય ત્યારે તેઓ પણ રાત્રે ચોકીમાં જતા. એ રીતે બંદૂક-તમંચા અને તીરકામઠાં ચલાવવાની કળા તેમને અનાયાસેં જ પ્રાપ્ત થઈ ગયેલી. મામા ઘોડા રાખતા તેથી મોસાળમાં રહેતા તે દરમ્યાન મુગટરામ ઘોડા પણ ખૂબ દોડાવતા. સુથારીકામ, લુહારીકામ, દરજીકામ, કડિયાકામ, ભરતકામ, ગુંથણકામ વગેરે કળાઓ તો તેઓ આંતરસૂઝથી પ્રાપ્ત કરી લેતા. તેમને નાની ઉંમરમાં જ ઘણી બધી ભૌતિક કળાઓ હસ્તગત થઈ ગઈ હતી.

બચપણથી જ તેમને નૈતિક આચરણનો આગ્રહ, શારીરિક શક્તિ કમાવાનો પણ ખૂબ શોખ. મિત્રો પણ તેઓ પોતાના જેવા જ કરે. મિત્રો પણ તેમની નૈતિકતા તથા બળની કદર કરે. કોઈ તેમની હાજરીમાં નિર્બળને સતાવી ન શકે કે કોઈની બીભત્સ મશ્કરી પણ ન કરી શકે. આમ નૈતિકતા પણ તેમનામાં બચપણથી જ વસેલી. નાના મામા તરફથી યોગભ્યાસ માટે તેમને ઘણો ઉત્સાહ મળ્યા કરતો. મામાશ્રીનું માનવું હતું કે યોગ, સંયમ અને સાત્વિક જીવનની ભાણાને (મુગટરામને) કુદરતી બક્ષિશ છે.

પિતાશ્રીના સંયમી અને અતિ પ્રમાણિક જીવનનું બીજબળ તો તેમનામાં પડેલું જ હતું. એ બીજને મોસાળમાં મામાઓ દ્વારા અને ઘરમાં મોટાભાઈ શ્રી ગિરજાશંકરજીના સંયમી અને નિર્વ્યસની જીવનમાંથી પ્રેરણાનું જલસિંચન નાની ઉંમરથી જ થવા લાગ્યું. એ બીજની જડો એટલી મજબૂત હતી કે મોટાભાઈનું અવસાન થયું ત્યાં સુધી મોટાભાઈએ કે હજુ હાલ સુધી શ્રી યોગભિક્ષુજીને (મુગટરામને) ચા-બીડી-સોપારીનો સ્વાદ કેવો હોય તે ખબર નથી.

મુગટરામ ખૂબ જ મક્કમ સ્વભાવના. કોઈપણ પ્રકારનું જીવન-ઉપયોગી જ્ઞાન, કળા, ચતુરાઈ પ્રાપ્ત કરવાનો મોકો ઉપસ્થિત થાય ત્યારે તક ઝડપી લે. હાથમાં લીધું તે પૂરું કરીને જ છોડે. પ્રમાદને સહેજ પણ ફરકવા ન દે. તેમના આવા સ્વભાવને કારણે પોતે ઉપયોગમાં લે તે તમામ સાધનોને પોતે જાતે જ સમારતા. દરેક વસ્તુની સાચવણી પણ એટલી કે પચાસ વર્ષ પછી પણ આજે એ વસ્તુઓ જાણે સહેજ પણ વપરાઈ હોય તેવી ન લાગે, નવી નક્કોર લાગે. આ વાત વાંચીને આપને સૌને એમ લાગતું હશે કે હું અતિશયોક્તિ કરી રહ્યો છું. પરંતુ છેલ્લા અઢાર વર્ષોથી હું પૂજ્યશ્રીના સંપર્કમાં છું અને તેમણે સાચવી રાખેલ અનેક વસ્તુઓ મેં મારી સગી આંખે જોઈ છે. આજે પણ અમુક વસ્તુની જરૂર પડે ત્યારે તે વસ્તુને કાઢીને તેનો ઉપયોગ કરતા મેં તેઓને જોયા છે. અનેક દાયકાઓથી સાચવી રાખેલી એ વસ્તુને જોઈને દરેક વખતે હું અવાચક થઈ જાઉં છું અને આનંદાશ્ચર્યની લાગણી અનુભવું છું. સાચવી રાખેલ એ વસ્તુઓમાં પુસ્તકો, હસ્તલિખિત ડાયરીઓ, અનેક યોગીઓ, સંતો વગેરે સાથે થયેલ પત્રવ્યવહાર, દૈનિક વપરાશની ચીજો વગેરે જેમની તેમ છે. આ વાતનું એક સુંદર દૃષ્ટાંત અહીં રજૂ કરું છું.

થોડાંક વર્ષો પહેલાં યોગી શ્રી અમૃતજી, અમૃતજીનો યુવાન પુત્ર અને સાથે કેટલાંક અમેરિકન ઈજનેરો અમેરિકાથી ભારત આવેલા. અમૃતજી યોગના જિજ્ઞાસુ તેથી જ્યારે પણ ભારત આવે ત્યારે પૂ. શ્રી યોગભિક્ષુજીની મુલાકાત લે. તેમના પુત્રને અને સાથે આવેલા અમેરિકન ઈજનેરોને યોગભિક્ષુજીના દર્શન-સત્સંગનો લાભ અપાવવા અમૃતજી અમદાવાદ આવ્યા. યોગભિક્ષુજીને મળ્યા. અમેરિકાની અને અહીંની થોડી પ્રાસંગિક વાતો થઈ. શ્રી અમૃતયોગીનો અમેરિકામાં ભવ્ય અને વિશાળ આશ્રમ છે તથા તેઓ આંતરરાષ્ટ્રિય યોગ સંસ્થાના પ્રમુખ પણ રહી ચૂક્યા છે. તેથી એ અંગેની થોડી વાતચીત થઈ. અતિથિઓનો યોગ્ય સત્કાર કરી યોગભિક્ષુજીએ થોડો સત્સંગ કર્યો. મહેમાનોને જવાનો સમય થઈ ગયેલો તેથી સૌએ ઊભા થઈ યોગભિક્ષુજીને નમસ્કાર કર્યા. અમૃતજીના પુત્રે યોગભિક્ષુજીને નમસ્કાર કર્યા એટલે યોગભિક્ષુજીએ બાજુના ઓરડામાં જઈ એક સુતરાઉ ચાદર જેવું વસ્ત્ર લાવી તે યુવાનને પ્રસાદીરૂપે આપ્યું. મખમલમાં ઊછરેલા યુવાનને આ સાદું બરછટ વસ્ત્ર જોઈ નવાઈ લાગી અને થોડું આશ્ચર્ય પણ થયું કે ભેટપ્રસાદીમાં પૂજ્યશ્રીએ આવું વસ્ત્ર શા માટે આપ્યું !? પૂજ્યશ્રી તેના ભાવ કળી ગયા અને રહસ્ય ખોલતાં કહ્યું કે "તમારા અને તમારા પપ્પાના ગુરુદેવ સ્વામી શ્રી કૃપાલ્વાનંદજી ઘણાં વર્ષો પહેલાં અહીં આવ્યા હતા. તેઓની

આ ઘરમાં પધરામણી થઈ ત્યારે આ જ પલંગ (બાજુમાં પૂજ્યશ્રીનો સાધનાખંડ હતો જેમાં એક પલંગ હતો તે તરફ ઈશારો કરીને) ઉપર તેઓ બેઠેલા. એક યોગીની પધરામણી થઈ હતી તેથી તેમના આસન તરીકે પલંગ ઉપર આ અબોટ વસ્ત્ર બિછાવેલું. સ્વામીજી ગયા ત્યારબાદ તે વસ્ત્ર અમે સાચવી રાખ્યું હતું. જે આજે ઘણાં વર્ષો બાદ યોગ્ય સમયે, યોગ્ય વ્યક્તિ માટે કામ લાગ્યું.'' આ વાત સાંભળી અમૃતજી, અમૃતજીનો પુત્ર અને સાથે આવેલા અમૃતજીના શિષ્યો ભાવવિભોર થઈ ગયા. ફરીફરીને તે સૌએ પૂજ્યશ્રીને નમસ્કાર કર્યા. હવે અમૃતજીના પુત્રને તે વસ્ત્રરૂપી પ્રસાદીની સાચી કિંમત સમજાઈ ગઈ. અસ્તુ.

ઉપરોક્ત પ્રસંગમાં મુગટરામને બદલે યોગભિક્ષુજી નામ વાપર્યું છે જે યોગ્ય જ છે. કારણકે યોગભિક્ષુજીનું પૂર્વાશ્રમનું નામ મુગટરામ હતું પરંતુ યોગપ્રેમીઓ તેમને યોગી અથવા યોગીરાજ કહેતા; પણ મુગટરામે તો પોતાના માટે ''યોગભિક્ષુ'' શબ્દ જ પસંદ કરેલો. તેમણે પસંદ કરેલ નામ તેમના અતિશય નમ્ર અને વિવેકપૂર્ણ સ્વભાવનું સૂચન કરે છે. અસ્તુ.

મુગટરામનું બચપણ સંયમ-નિયમમાં વીત્યું. યોગસાધના પણ ચાલુ રહી. ભણવાનું છૂટી ગયું તેથી યોગાભ્યાસનો વધુ સમય મળતો. બાકીના સમયમાં તેઓ ખાઈ-પીને મસ્તીમાં રહેતા. સમયાંતરે મોસાળમાં પણ જતા અને પ્રાણલાલમામા પાસેથી યોગાભ્યાસની પ્રેરણા લેતા રહેતા. આમને આમ તેઓ બાલ્યાવસ્થામાંથી તરુણાવસ્થામાં પહોંચ્યા. હવે તેમને દુનિયાદારીનું પણ ભાન થવા લાગ્યું. તરુણાવસ્થામાં તેમને ખ્યાલ આવ્યો કે કુટુંબમાં આર્થિક ભીંસ ઘણી રહે છે તેથી પોતે પણ હવે સૌને મદદરૂપ થવું જોઈએ. તે સમયે તેમના મોટાભાઈ મુંબઈમાં રહી નોકરી કરે. પરંતુ મોટાભાઈની એવી સ્થિતિ નહીં કે મુગટરામને મુંબઈ બોલાવી તેમની સાથે રાખી શકે.

તરુણાવસ્થામાં તેમને સારાં નાટકો અને ફિલ્મોનો ભારે શોખ. તેથી મુંબઈ જઈ પરચૂરણ કામ કરતાં કરતાં રાષ્ટ્રભાષા વર્ધાના વર્ગો ભરવા શરૂ કર્યા. ખૂબ મહેનત કરી અને ''રાષ્ટ્રભાષા રત્ન'' થયે જ છૂટકો કર્યો. પછી થોડો સમય હિંદી શિક્ષક તરીકે પણ સેવા આપી.

તરુણાવસ્થામાં થોડાંક નાટકોમાં કામ કર્યું અને ફિલ્મ જગતમાં પણ પ્રવેશવાનો પ્રયત્ન કર્યો. એ વખતે પૃથ્વીરાજકપુર, સાયગલ, ચંદ્રમોહન એ બધાનો ભારે ડંકો વાગે. મુગટરામ પણ ફિલ્મી જગતની ઝાકઝમાળમાં પ્રવેશ્યા.

એ જમાનામાં તેમણે ''શિવકન્યા'', ''શુકરંભા'', ''એહસાન'', ''ઊંચી હવેલી'', ''જગદ્ગુરુ શંકરાચાર્ય'' વગેરે ફિલ્મોમાં પ્રવેશ પૂરતો પ્રવેશ મેળવ્યો. ફિલ્મજગતના વાતાવરણમાં રહીને પણ મુગટરામે સંયમ-નિયમ અકબંધ રાખેલા. તે બાબતનો નીચેનો પ્રસંગ ખૂબ સૂચક છે.

એક ફિલ્મનું શુટીંગ ચાલતું હતું. શુટીંગ દરમ્યાન લંચ સમયે સમગ્ર સ્ટાફને કંપની તરફથી ભોજન મળતું. સૌ એક ટેબલ પર જમતા. ભોજનમાં તરહતરહની બિનશાકાહારી તથા શાકાહારી એમ બેઉ પ્રકારની વાનગીઓ આવતી. સ્ટાફના બીજા માણસો ખૂબ ચાહથી બિનશાકાહારી ભોજન આરોગતા હોય ત્યારે તે જ ટેબલના એક ખૂણા પર બેસી મુગટરામ દૂધ, ડબલરોટી અને કેળાં પ્રેમપૂર્વક આરોગતા હોય. આ જોઈ તેમની મજાક ઉડાવતા બીજા સાથીઓ કહે કે ''મિ. જોશી ! ખાના તો કંપનીકી ઓર સે આતા હૈ. ફિર આપ ડબલરોટી કયોં ખાતે હો? અચ્છા ખાના મુફ્તમેં મિલતા હૈ તબ તો અચ્છા ખાના ખાઓ.'' મુગટરામ આવી વાતોને હસીને ટાળતા પરંતુ આહાર-વિહારમાં તો પૂર્ણ સાત્વિકતા જ રાખતા.

''જગદ્ગુરુ શંકરાચાર્ય''નું શુટીંગ ચાલતું હતું. લોકેશન હતું બોરીવલી પાસે આવેલી કેટલીક ગુફાઓ. મુગટરામનો આ ફિલ્મમાં શંકરાચાર્યના પટ્ટશિષ્યનો રોલ હતો. તેથી તેમણે માથું મુંડાવી નાખ્યું હતું (વીગ પહેરી હતી). કપાળમાં ભસ્મ અને ગળામાં રૂદ્રાક્ષની માળાઓ તથા શરીર પર ભગવાં વસ્ત્રો ધારણ કર્યાં હતાં. હાથમાં દંડ પકડેલો અને પગમાં ખડાઉ પહેરેલી. વેષ અને વાતાવરણ; એમ બધું જ વૈરાગ્યપૂર્ણ હતું. શુટીંગ ચાલતું જ હતું ને એ જ વખતે મુગટરામ પર એક તાર આવ્યો. તારમાં તાકીદનો સંદેશો હતો કે, ''તમારી બા બીમાર છે, જલદી આવો.''

મુગટરામને મા બહુ જ વહાલી હતી. એમણે ઘેર જવાનો વિચાર દિગ્દર્શકને જણાવ્યો. દિગ્દર્શકે કહ્યું કે, ''આટલું શુટીંગ પૂરું કરીને જાવ.'' પણ ત્યાં સુધીમાં તો સાધુના વેષના તમામ વાઘા એમણે ઉતારી નાખ્યા અને સૌને નમસ્કાર

કરી ઘેર (હળવદ) આવવા નીકળી પડ્યા. ઘેર આવીને બીમાર માતુશ્રીની સેવામાં લાગી ગયા. બસ એ દિવસથી એમણે ફિલ્મજગતને કાયમ માટે તિલાંજલિ આપી દીધી. આ ફેરફારને આપણે તેમના જ શબ્દોમાં વાંચીએ.

''પહેલાં હું અખાડિયન બનવા માંગતો હતો; તો ઓમ્‌ભગવાને તે પણ મને બનાવ્યો; હું એક્ટર બનવા માંગતો હતો, તો ઓમ્‌ભગવાને મને તે પણ બનાવ્યો. પરંતુ એ મારી તરુણ વયની અપરિપક્વતાના પહેલા બે તબક્કા હતા. મોટા મોટા પહેલવાનોને મેં અનેક રોગોથી રિબાતા જોયા. બહારથી ઝાકઝમાળ લાગતા એક્ટરોને મેં અંદરથી અશાંત અને દુ:ખી જોયા. શાંતિની શોધ માટે એક્ટરોને અને ધનાઢ્યોને સંતોના ચરણોમાં ઢળેલા જોયા. એ બધું જોયા બાદ મને આ ગ્લેમરની દુનિયાનો થોડો ઘણો મોહ પણ છૂટી ગયો. પૂર્વના જન્મના સત્વ-સંસ્કાર-વારસાના કારણે મારી આજુબાજુની દુનિયામાંથી અનાયાસે જ મારામાં સંયમી-તત્ત્વ-સંસ્કારો ખેંચાઈ આવ્યા અને મન પૂર્ણપણે આધ્યાત્મિકતા તરફ, યોગપંથ તરફ વળી ગયું.''

મુગટરામ પોતાની વહાલસોયી બાની સેવામાં લાગેલા એ દરમ્યાન સગાં-સંબંધીઓ તરફથી તેમના લગ્નસંબંધની વાતો આવવા લાગેલી, પરંતુ તેઓએ આજીવન સેવાવ્રતધારી રહેવાનો મક્કમ નિર્ધાર કરેલો. અષ્ટાંગયોગનું પ્રથમ અંગ યમ; અને યમના પાંચ ઉપાંગો - અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ. તેઓ બ્રહ્મચર્ય વિષેની શાસ્ત્રોક્ત વાતોને વિવેકપૂર્ણ રીતે સમજેલા. તેથી દેખાદેખી બ્રહ્મચર્યનું પાલન કરવાનો સવાલ નહોતો. બ્રહ્મચર્યના તમામ યૌગિક લાભોને સમજી તેના દ્વારા પરમ લક્ષની પ્રાપ્તિ કરવાનો તેઓનો દૃઢ નિશ્ચય હતો. તેથી નિષ્ઠાપૂર્વક તેઓ સંયમી જીવન જીવતા.

તેઓના સંયમ-નિયમના અતિ આગ્રહી સ્વભાવના કારણે તેમના કોઈ કોઈ પ્રેમીઓ તેમને નૈષ્ઠિક બ્રહ્મચારી કે બાલ-બ્રહ્મચારી કહીને નવાજતા. પરંતુ તેઓ નમ્રપણે તેમને સમજાવતા કે, ''ખરેખર તો નૈષ્ઠિક બ્રહ્મચારીનું, બાલ-બ્રહ્મચારીનું સંબોધન તેના માટે જ હોઈ શકે કે જેણે ગુરુજી પાસેથી બ્રહ્મચર્યની દીક્ષા લઈને ગુરુગૃહમાં જ નિવાસ કર્યો હોય અને વેદાભ્યાસ કરતો હોય. જો કે આ યુગમાં તો 'ફૂલ નહીં ને ફૂલની પાંખડી'; જેટલું બને તેટલું સત્કર્મ સારું જ છે. પણ ''નૈષ્ઠિક બ્રહ્મચારી'' શબ્દથી ઉત્પન્ન અર્થની કિંમત ઘટી જવી ન જોઈએ, એટલી કાળજી રાખવી ઘટે.

પરમ ચૈતન્ય તત્ત્વ કે જેમનું મુખ્ય નામ ઓમ્ છે તે અદેહી ઓમ્-પરમાત્માને મુખ્યપણે અને અનેક સદેહી ગુરુસંતોને ગૌણપણે ગુરુસ્થાને સ્થાપીને, તેમનાથી પ્રેરણા પ્રાપ્ત કરીને અમે યોગાભ્યાસમાં આગળ ધપી રહ્યા છીએ. અમારી યોગસાધનાને જોઈને યોગપ્રેમીઓ અમને યોગી અથવા યોગીરાજ પણ કહે છે. પરંતુ અમે તો અમારા માટે ''યોગભિક્ષુ'' શબ્દ જ પસંદ કરેલો છે.''

હવે યોગભિક્ષુજીની પરમ લક્ષ્યની પ્રાપ્તિ માટેની તડપન એકદમ વધી ગઈ. એક સાથે ત્રણ કાર્યો ચાલુ થયાં; આજીવિકા પ્રાપ્ત કરવી, કુટુંબ સાથે રહીને વ્યાવહારિક જવાબદારીઓ નિભાવવી અને આ બધું કરતાં કરતાં યૌગિક-આધ્યાત્મિક મશાલ પણ અખંડ પ્રજ્વલિત રાખવી.

યોગભિક્ષુજી પોતાની યોગસાધના દરમ્યાન અનેક સાધુસંતોને મળ્યા, યોગશાસ્ત્રના ગ્રંથો વાંચ્યા. અનેક જાતનાં અનુષ્ઠાનો કર્યાં. આ સમય દરમ્યાન પોતાની સાધન-પ્રણાલી ગુપ્ત જ રાખી. સાધના દરમ્યાન થયેલાં અનુભવો પણ ગુપ્ત જ રાખ્યા. પોતે જાતે જ, પોતાને થયેલા અનુભવો વિષે ચિંતન-મનન કરતા અને આગળની સાધના નક્કી કરતા. પરમાત્મા તરફથી પણ આંતરિક પ્રેરણારૂપી યોગ્ય સહાયતા મળતી ગઈ. યોગસાધનામાં જેમ જેમ આગળ વધતા ગયા તેમ તેમ યોગી-મહાત્માઓ સાથે પત્રવ્યવહાર શરૂ થયા, પત્રોના માધ્યમ દ્વારા વિચારોની આપલે થઈ. પ્રાણાયામની સાધના માટે સંપૂર્ણ સાત્ત્વિક આહાર-વિહારની જરૂરત સાથે સાથે એકાંત સ્થળની જરૂરત ઊભી થઈ. શરૂઆતમાં આ પ્રકારની સાધના કરવા યોગભિક્ષુજી મોસાળના ગામ ખંડેરાવપુરામાં તેમના સ્નેહીમિત્રોને ત્યાં એકાંતમાં રહેવા લાગ્યા. આ દરમ્યાન ખાખરિયા ટપ્પાનાં ગામોમાં તેમની સુવાસ ફેલાવા માંડી. અનેક સ્નેહીમિત્રો, શ્રદ્ધાળુઓ, જિજ્ઞાસુઓ તેમને મળવા આવતા. પ્રસંગોપાત્ત સત્સંગ પણ થતો, પરંતુ પોતાના સ્વાનુભવો વિષે પોતે હંમેશાં મૌન સેવતા.

લગભગ સોળ વર્ષની ઉંમરથી જ યોગભિક્ષુજીને પાકી શ્રદ્ધા થઈ ગયેલી કે અષ્ટાંગયોગના પ્રથમ બે અંગ યમ

અને નિયમનું આચરણ કર્યા સિવાય સ્વકલ્યાણ કે લોકકલ્યાણની વાતો કરવી એ કેવળ આત્મવંચના, ભ્રમણા, વિડંબણા છે. યમ (અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ) અને નિયમ (શૌચ, સંતોષ, તપ, સ્વાધ્યાય અને ઈશ્વરપ્રણિધાન) ના દશ અંગોનું પાલન-આચરણ કેવળ યોગી થવું હોય તેઓ માટે જ કે કેવળ હિન્દુસ્તાન માટે જ છે એમ નથી. એનું પાલન તો કલ્યાણેચ્છુક સમસ્ત માનવજાતિ માટે છે. અને તેથી આગળ વધીને કહીએ તો સમસ્ત જીવ-જગત માટે પણ છે. અસ્તુ.

સાધના-કાળમાં યોગભિક્ષુજી દર ગુરુપૂર્ણિમાએ ગિરનારની દત્તની ટૂક પર જ હોય. એક વખત સત્સંગ-ગોષ્ઠિમાં એક જિજ્ઞાસુએ પૂજ્યશ્રીને આ અંગેનું કારણ પૂછ્યું અને ગિરનારનો કોઈ અલૌકિક, પ્રેરક પ્રસંગ સાંભળવાની ઈચ્છા વ્યક્ત કરી. પૂજ્યશ્રી ઘડીક તો મુખ મરકાવતા બંધ નેત્રે મૌન બેસી રહ્યા. પછી બંધ નેત્રે જ વાણીગંગા વહેતી કરી -

## ગિરનાર-સિદ્ધ-દર્શન અને અઘોરી

દર ગુરુપૂર્ણિમાએ ગિરનાર જવાની પ્રેરણા કેવી રીતે થઈ તે મૂળ વાતથી શરૂઆત કરું. એક અનુભવી ધાર્મિક વ્યક્તિએ જે વાત અમને કહેલી તેનો સાર કહું છું -

જૂનાગઢના એક ફોજદાર કે જે પાછળથી મૂંડિયા સ્વામીના નામે પ્રખ્યાત થઈ ગયેલા, તેઓ દર ગુરુપૂર્ણિમાએ સાંજે ગિરનારના કમંડલુકુંડે પહોંચી જતા. કોઈ સિદ્ધ પુરુષના આવવાની રાહ જોઈને, બાલ્ટી અને દોરડું લઈને કુંડ ઉપર બેસી રહેતા. તેમણે સાંભળેલું કે ગિરનારના સિદ્ધો દર ગુરુપૂર્ણિમાએ પોતપોતાના સ્થાનમાંથી નીકળી દત્તની ટૂક ઉપર, દત્તચરણનાં દર્શને જાય છે. જતાં પહેલાં કમંડલુકુંડે સ્નાન માટે આવે છે. તે વખતે પોતે ત્યાં હાજર હોય તો સિદ્ધને સ્નાન માટે પાણી કાઢી આપવાની સેવા કરી શકે અને આશિષ પ્રાપ્ત કરી શકે. આવી આશાએ ફોજદાર સાહેબ દર ગુરુપૂર્ણિમાએ ત્યાં હાજર રહેતા.

દિવસના ભાગમાં તો સંસારીઓ દત્તચરણનાં દર્શને ઉપર જતા હોય. સાધુસંતો તો ઉપર જવા માટે સાંજ પછીનો સમય પસંદ કરે. સિદ્ધ પુરુષો પણ સંધ્યા પછી જ ઉપર ચડે. ચડતાં પહેલાં સ્નાન માટે કમંડલુકુંડે આવે. જે જે સાધુસંતો કમંડલુકુંડે સ્નાન માટે આવે તે સૌને આ ભાઈ પાણી કાઢી આપે. તેમના મનમાં એવી ખાતરી કે આ સાધુસંતોમાં છૂપા વેશે કોઈ ને કોઈ સિદ્ધ આવી જ જવાના. સંતો સ્નાનથી પરવારીને પ્રસન્ન થઈને પૂછે કે તમારે શું જોઈએ છે ? ત્યારે આ ભાઈ શ્રીદત્તનાં દર્શનની જ માગણી કરે. ત્યારે જવાબ મળે કે ધીરજ રાખો, જરૂર દર્શન થશે. છેવટે આ ભાઈની ધીરજ ખૂટી ગઈ. તેથી એક વાર સંત સ્નાન કરીને આગળ વધ્યા એટલે પોતે પણ તેમની પાછળ ચાલી નીકળ્યા. થોડે દૂર ગયા પછી સંતને ખબર પડી કે આ ભાઈ પાછળ આવી રહ્યા છે. તેથી તેમણે તેમને જે જોઈએ તે માંગી લઈને પાછા વળી જવા કહ્યું. પણ આ ભાઈએ તો શ્રીદત્તનાં દર્શન કરવાની જ રઢ પકડી રાખી. આ ભાઈ ઉપર સિદ્ધકૃપા ઊતરી. તેમને સિદ્ધ જોડે જવાની સ્વીકૃતિ મળી ગઈ. ઘણે આગળ ગયા પછી એક ગુફા આવી. આ ભાઈને બહાર ઊભા રાખીને સિદ્ધ આ ગુફામાં ગયા અને દત્ત ભગવાનનું પૂજનઅર્ચન કર્યા પછી તેમને વિનંતી કરી કે મારી સાથે એક સંસારી ભાઈ આવ્યા છે. તેને આપનાં દર્શનની ખૂબ ઈચ્છા છે. આપ સ્વીકૃતિ આપો તો અંદર લાવું. જવાબ મળ્યો કે લાવો, પણ દર્શન થશે નહીં. તે ભાઈને અંદર લાવવામાં આવ્યા અને કહ્યું કે, આ સામે દત્ત ભગવાન બિરાજમાન છે તેમનાં દર્શન કરો. આ ભાઈને દત્તગુરુ દેખાય નહીં કારણ કે તેમનાં અમુક કર્મબંધનો આવરણરૂપ હતાં. પછી સૌ સંત-સિદ્ધોએ એવો નિર્ણય કર્યો કે અમુક સમય સુધી અમુક સાધના કરીને પછી આવવું. તે પ્રમાણે સાધના કરીને આવ્યા તો ગુરુદેવ દત્તનાં દર્શન થયાં અને આશિષ મળી; પ્રસાદીમાં એક અક્ષયરૂમાલ મળ્યો.

ફોજદાર સાહેબ જૂનાગઢ આવીને નોકરીમાંથી છૂટા થઈ ગયા. માથે મૂંડો કરાવી નાખ્યો. તેથી તેમને સૌ મૂંડિયા સ્વામી કહેવા લાગ્યા. તેઓ જ્યારે જ્યારે સાધુસંતોના ભંડારા કરતા ત્યારે ઘણી થોડી રસોઈ ઉપર આ પ્રસાદીનો અક્ષયરૂમાલ ઢાંકી રાખતા. તેથી રસોઈ ખૂટતી જ નહીં. જ્યારે ખબર પડે કે બધાએ જમી લીધું છે ત્યારે આ રૂમાલ લઈ લેતા.

સંધ્યા પછી "સિદ્ધો" જ્યારે ઉપર ચડતા હોય

(કમંડલુકુંડથી દત્તની ટૂક સુધી)ત્યારે અમુક અઘોરી અમુક અંતરે વાઘનું સ્વરૂપ લઈને બેઠો હોય, કે જેથી તે વખતે જો કોઈ સંસારી ઉપર આવવાની હિંમત કરે તો વાઘને જોઈને પાછો ભાગી જાય. વચ્ચે કોઈ વાઘ દેખાય અને તેના પગમાં જો કડું હોય તો સમજવું કે અઘોરી વાઘના સ્વરૂપે છે. સાચા વાઘના પગમાં કડું ન હોય. કડું પહેરેલો અઘોરી વાઘ હોય તો અમુક મંત્ર બોલીએ એટલે તે તુરત જ અઘોરીના સ્વરૂપમાં આવી જાય. તે મંત્ર પણ મને તે અનુભવી ભાઈએ કહેલો પણ અત્યારે તે મંત્ર પણ યાદ નથી અને તેમનું કથન પણ સાચું લાગેલું નહીં. જો કે ગિરનારયાત્રા દરમ્યાન સાચા વાઘનાં કે અઘોરી વાઘનાં મને ક્યાંય દર્શન થયાં નથી; અરે ! કોઈ હિંસક પ્રાણી પણ દેખાયું નથી.

ગિરનારની ગુરુપૂર્ણિમા વિષેની બીજી પણ ઘણી વાતો સાંભળેલી. આવાં બધાં કારણોસર મેં પણ દર ગુરુપૂર્ણિમાએ ગિરનાર જવાનું શરૂ કર્યું.

અહીંથી હવે મારા અનુભવોની વાત શરૂ થાય છે.

તે વખતે અમે મુંબઈ રહેતા. મુંબઈથી સીધો જૂનાગઢ જાઉં. ત્યા અમારા પરમ સ્નેહી, પરમ પ્રેમી શ્રી લલિતભાઈ મહેતા અને જયાબહેન મહેતાના ત્યાં ઉતારો કરું. પહેલા વર્ષે તો જયાબહેન અને બે વિદ્યાર્થી મારી સાથે ભોમિયા તરીકે આવ્યાં. શહેરમાંથી ચાલતાં ચાલતાં તળેટીમાં ગયાં. "અડીકડી વાવ અને નવઘણ કૂવો, જે ન જુએ તે જીવતાં મૂવો" તે પણ જોયાં. બીજું પણ જોવાલાયક બધું જોયું. ઉપર પણ ખૂબ ફર્યાં. સાંજે ગિરનાર ઊતરી ગયાં. ચાલીને જ ઘરે પહોંચી ગયાં. પગ તો ચીંથરા જેવા થઈ ગયેલા. પગની પિંડીઓ તો વગર કારણે થરથર થરથર કંપ્યા કરે. હું તો ઘરે પહોંચીને સૂઈ ગયો પણ જયાબહેનને તો ઘરનું બધું જ કામકાજ કરવાનું અને વળી હું મહેમાન જેવો તેથી મારી રસોઈ પણ બનાવવાની. તેઓ ઘરકામમાં લાગી ગયાં. તેઓ નિશાળમાં નોકરી કરે તેથી બીજે દિવસે કોઈ પ્રસંગને કારણે પ્રભાતફેરીમાં આખું જૂનાગઢ ફરી આવ્યા. આપણા રામ તો પથારીમાંથી ઊભા જ થઈ શકે નહીં. દસબાર દહાડે પગનું માંડ ઠેકાણું પડ્યું. રંગ છે ને જયાબહેનના ખડતલપણાને !

તે વખતે ભરતવનમાં એક બાવાજી જોડે થોડી જીભાજોડી થઈ ગયેલી. તેઓ ખૂબ કોપાયમાન થઈને કહે કે કલ તુમને નહીં દેખા હમ ક્યા કર સકતા હૈ ? આગલા દિવસે ધરતીકંપ થયેલો. તેથી પગકેડીઓ ઉપર મોટા ડુંગરો જેવડા પથ્થરો ધસી આવેલા.

અમે તો સિદ્ધદર્શન માટે ગિરનાર જતા હતા. કમંડલુ-(કમંડલુના આકાર જેવો) કુંડે તો રાત્રે રહી શકાય તેમ નહોતું. તેથી અમે દત્તની ટૂક ઉપર જ રાત્રિ રોકાવાનો નિર્ણય કરેલો. મેં વિચાર્યું કે આપણે જો કમંડલુકુંડે હોઈએ અને સિદ્ધ સ્નાન કર્યા વગર જ ઉપર ચાલ્યા જાય તો આપણને દર્શન ક્યાંથી થાય ? દત્તટૂકે બેસવાથી બંને ફાયદા. પણ દત્તટૂકે રાત્રે રહેવું કઈ રીતે ? ગાદીસ્થાનના જે સંતો પૂજા-તર્પણ વગેરે કરાવવા દત્તટૂકે હાજર હોય તે પણ છ - સાડા છએ કમંડલુએ નીચે પાછા આવી જાય. છ વાગ્યા પછી તો કમંડલુની હદથી આગળ વધવાની સખ્ત મનાઈ. કમંડલુના અધિકારી સંતો ઉપર રહેવાની મંજૂરી આપે જ નહીં. તો હવે શું કરવું ?

બીજી વાર ગયા ત્યારે અમે કમંડલુએ સરસમાન મૂક્યો અને સાંજની રાહ જોવા લાગ્યા. આ જગ્યાને દત્તનો ધૂણો પણ કહે છે. અહીં પ્રવેશતાં જમણી બાજુ એક બારણું છે, જ્યાં સદા તાળું લાગેલું રહે છે. તેમાં થઈને ઘણે નીચે જઈએ ત્યારે અસલ કમંડલુકુંડ આવે છે. એ બાજુનાં બધાં પગથિયા ખંડિત થઈ ગયેલાં છે અને તે બાજુની જગ્યા બધી અગોચર હોવાથી, સલામતીની દષ્ટિએ સામાન્ય માણસોને ત્યાં જવા દેવામાં આવતા નથી.

દત્તટૂકના પૂજારીને જ્યારે નીચે ઊતરવાનો સમય થયો ત્યારે અમે ઉપર ચડવાની શરૂઆત કરી.

વચ્ચે એક ધૂણી આવે છે. ત્યાં થોડું રોકાઈને દત્તટૂકે પહોંચી ગયા. પથ્થરના ચાર મજબૂત થાંભલાની છત્રી, એક લટકતો ઘંટ, ફરતે નાની દીવાલના કોટ જેવું અને છત્રીમાં વચ્ચે દત્તગુરુનાં પગલાં. દત્તની ટૂક ઉપર પહોંચ્યા ત્યાં સુધીમાં ખાસ્સા પલળી ગયા હતા. વરસાદ ઝરમર ઝરમર વરસતો હતો અને વાદળાં અમારી આરપાર થઈને નીકળી જતાં હતાં. કપડાં નિચોવીને અમે પગલાં પાસે બેઠા. મારી સાથે એક વિદ્યાર્થી પણ હતો. એ સિવાય કોઈ ન મળે. સૂમસામ. ચારે બાજુથી પવનની કારમી સિસોટીઓ સંભળાય તો ક્યારેક વીજળીનો તેજલિસોટો દેખાય. એમ લાગે કે જાણે હમણાં નીચેથી કોઈ બલા આવીને ગળું પકડશે કે ઉપરથી કોઈ જ્વાલા ત્રાટકીને માથું ફાડી નાખશે. એવા ભયભીત વાતાવરણની વચ્ચે માળા

કાઢીને ગાયત્રીના જપ કરવાની શરૂઆત કરી. ઠંડી અને સુસવાટાના કારણે હાથપગ કંપવા લાગ્યા હતા અને દાંતની કડકડાટી બોલતી હતી. સાથે આવેલ વિદ્યાર્થી દીવાલ સાથે જોરથી વાંસો દબાવીને બેસી ગયો હતો. માળા સરકતી જતી હતી, જપ થયે જતા હતા, સમય પસાર થઈ રહ્યો હતો. ત્યાં પગરવ સંભળાયો. અમારા કાન સતેજ થઈ ગયા. અવાજ તરફ ધ્યાન સ્થિર થઈ ગયું. પગથિયા બાજુથી એક ભાઈ આવ્યા. અમને નમસ્કાર કરીને કહેવા લાગ્યા કે બાપજી, રાત્રે અહીં રહેવાની મનાઈ છે. આપ નીચે ધૂણે પધારો. ત્યાં બધી સગવડ કરી આપીશું. અમને નીચે ધૂણે લઈ જવાનો બનતો બધો પ્રયત્ન કરીને તે ભાઈ પાછા ચાલ્યા ગયા. પાછું એ જ સૂમસામ ભયાનક બિહામણું વાતાવરણ.

અમારા જપ શરૂ થઈ ગયા. વાદળાંઓમાં ચંદ્રમા સતાંકૂકડી રમતા હતા. ઘડીકમાં સ્થૂળ પદાર્થો આછા આછા દેખાય અને ઘડીમાં ગાઢ અંધારું. આમ લગભગ બે કલાક પસાર થઈ ગયા. ત્યાં ઓચિંતો જ પેલો વિદ્યાર્થી ઓ...બા...! કરીને મને બાઝી પડ્યો. મારા હૃદયે પણ ચાર ગણો વેગ પકડી લીધો; કારણ કે અમારી સામે જ, બાજુની દીવાલ પરથી એક અઘોરી, હુંફ કરતો પડ્યો-કૂદ્યો અને જોરજોરથી બોલવા લાગ્યો કે તુમ ક્યા સમજતા હે ? ક્યોં નીચે ચલા નહીં જાતા ? આદમીકો ભેજા તો ઉસકા માના નહીં, ક્યા સમજતા હે ? વગેરે વગેરે. આમ બોલતી વખતે તેના હાથમાંનો ચીપિયો ખખડાવતો જાય - ઉલાળતો જાય. જાણે હમણાં માર્યો કે મારશે. તેના મુખમાંથી ગાંજાની વાસનો તો જાણે ફુવારો છૂટ્યો ! કમર ઉપર સાવ નાનું વ્યાઘ્રચર્મ. સાવ દૂબળો. લથડિયાં ખાય. ગુસ્સામાં દોડતો દોડતો નીચેથી ઉપર ચડેલો હશે, એટલે શ્વાસની તો ધમણ ચાલે. તે બોલતો રહ્યો, હું સાંભળતો રહ્યો. તે કહે કે હમ યોગિયોંકે સામને તુમ્હારા હઠ નહીં ચલેગા. પછી થોડી વાર શ્વાસ લેવા તે થંભ્યો. એટલે અમે ચલાવ્યું કે હમ તો ઈધર જપ કરનેકો આયા હે, સુબહ તક યહાં જપ કરનેકા હમારા સંકલ્પ હે, તુમ બડબડ કરકે હમકો વિઘ્ન કરતા હે. તુમ્હારે પાસ સિર્ફ એક યોગીહઠ હે પર હમારે પાસ તો બ્રહ્મહઠ, યોગીહઠ ઔર બાલહઠ; તીન હઠ હેં. તુમકો જવાબ દેનેમેં હમારા જપભંગ હોતા હે. હમ ઈધરસે જપ પૂરા કિયે બિના હઠનેકા નહીં. તુમકો જો ભી કરના હો સો કર લો. તુમ હમકો મારેગા યા ધક્કા દેગા તો હમ પ્રતિકાર ભી નહીં કરેગા. બસ અબ નહીં બોલેગા. આટલું સાંભળીને તે વધુ ઢીલો પડી ગયો. તેને લાગ્યું કે સામે લોઢાના ચણા છે. તે દસ મિનિટ ચૂપ બેસી રહ્યો. પછી કહેવા લાગ્યો કે બેટા, અહીં બેસવાથી શો ફાયદો છે ? અહીં દત્તનાં પગલાં છે તો નીચે દત્તનો ધૂણો છે. તું નીચે ધૂણે બેસીને જપ કર. છ મહિના રહેવું હોય તો છ મહિનાની બધી વ્યવસ્થા કરી આપું. અહીં બેસીને જપ કરવાનો તારો જે સંકલ્પ છે તે પૂરો ન થવાથી જે પાપ લાગશે તે બધું મારા ઉપર. અહીં તો ઠંડીના કારણે તારું શરીર સાવ ખોટું પડી જશે. તું જે કામ માટે આવ્યો છે તે (સિદ્ધદર્શનનું કામ) પણ પછી કેમ પૂરું થશે ? માટે મારી વિનંતી માનીને નીચે ચાલ.

એટલા સમયમાં તો હાથપગનાં આંગળાંનાં ટેરવાં ખોટાં પડવા લાગ્યાં હતાં. તેથી તેની વાત મને વિચારવા જેવી લાગી. માનભેર નીચે ચાલ્યા જવાનું તેનું કહેવાનું વાજબી લાગ્યું. મનમાં નક્કી કર્યું કે બીજી વખત ટાઢ માટેની પૂર્ણ તૈયારી કરીને આવવું. તેથી હું અને મારી સાથેનો વિદ્યાર્થી તેની સાથે નીચે ઊતરી ગયા. અડધી રાત થઈ ગઈ હતી. વરસાદ અને તોફાનનો કોઈ પાર નહોતો. ગાદી-સ્થાનમાં ત્રણેક નાગા સંતો (એક પણ વસ્ત્ર નહીં) વચ્ચે તાપણી કરીને તાપતા હતા. મને એક ઓરડી કાઢી આપી. ચારે બાજુ પાણી જ પાણી, પગ મૂકવાની ખાલી જગ્યા નહીં. બે ડબા મૂકી અને તે પર પાટિયું મૂકીને મને બેસવાનું આસન બનાવી આપ્યું, નાગા સંતો ચલમો પીતા હતા તેથી મને પણ પીવા માટે આમંત્રણ આપ્યું, પણ મેં હાથ જોડીને ના પાડી અને મારા સ્થાને પાટિયાના આસને જઈને સૂઈ ગયો. વહેલી પડે સવાર. સવારે ઊઠીને મુંબઈ ભેગો થઈ ગયો.

આ વખતે સંપૂર્ણ તૈયારી કરીને મુંબઈથી નીકળ્યો. ગરમ કપડાં, રેઈનકોટ, રેઈનટોપી સાથે લીધાં. ગિરનાર ચડવાની શરૂઆત કરી. વરસાદ ચાલુ હતો. પગથિયાંની પહોળાઈને આવરી લેતો પાણીનો ધોધ ઉપરથી નીચે ધસમસી રહ્યો હતો. પાણીની સપાટીને કારણે પગથિયાં દેખાતાં ન હતાં. પાણીનો વેગ એટલો જોરદાર હતો કે પગલું ભરવા માટે ઉપાડેલો પગ પાછો પડતો હતો. પાણીના પ્રવાહમાં ઢગલાબંધ પાકાં ગુંદાં વહ્યે જતાં હતાં. પ્રવાહમાં ચારે બાજુ ચમકતી સોનેરી કણીઓ પથરાયેલી હતી. હું દૃઢતાપૂર્વક ઉપર ને ઉપર

પગલાં ચડ્યે જતો હતો. કમંડલુકુંડ પહોંચી ગયો. ત્યાંના સ્થાની માણસો મને જોઈને આપસમાં ઈશારાથી વાતો કરવા લાગ્યા કે પેલો મુંબઈવાળો છોકરો આવી ગયો. હું ગાદીપતિ પાસે ગયો. મહાપુરુષાય નમઃ કર્યા, પછી કહ્યું કે મારે દત્તટૂકે રાત્રે જપમાં બેસવું છે. તેઓ કહે કે અચ્છા, તારે જે જરૂરત હોય તે અહીંથી સાથે લેતો જજે. પછી હું ટૂકે પહોંચી ગયો. માણસોની જબરજસ્ત ભીડ હતી. ઉપરનો પૂજારી મને જોઈને કચકચ કરવા લાગ્યો. હું પાછો ગાદીપતિ પાસે કમંડલુકુંડે આવ્યો. ગાદીપતિને પૂજારીની વાત કરી. તો તેઓ કહે કે એ કયો ગધેડો છે ? તેને મારી પાસે લાવો. ખૂબ માનવપ્રવાહ હતો. સંધ્યાની રાહ જોતો હું સમય પસાર કરવા લાગ્યો.

માનવપ્રવાહ સંપૂર્ણ બંધ થઈ ગયો. અંધારું ઊતરવા લાગ્યું. મેં ઉપર ચડવાની શરૂઆત કરી. દત્તધૂણેથી ઉપર દત્તચરણે જતાં વચ્ચે એક નાની ધૂણી હતી. ત્યાંથી થોડે ઉપર પગથિયાં વળાંક લે છે પછી તુરત જ દત્તચરણવાળી છત્રી આવે છે, જે દત્તની ટૂકના નામે ઓળખાય છે. હું બરાબર તે વળાંકે પહોંચ્યો કે બે વ્યક્તિઓ તે વળાંકે નીચે ઊતરતી મને સામે મળી. તેમણે માથે ફાળિયું બાંધ્યું હતું. શરીરે કસોવાળું કેડિયું પહેર્યું હતું અને નીચે ચોયણો પહેર્યો હતો, જેને પગના કાંડા પાસે બોરિયાથી બંધ કરેલો હતો. તેમને જોઈને હું વિચારમાં પડી ગયો. આટલા મોડા મોડા આ લોકો કોણ હશે ? અહીં તો રહેવાની મનાઈ છે છતાં આ લોકો અહીં ક્યાંથી ? શા માટે ? હશે કોઈ મારા જેવા ધૂની - એમ વિચારીને સમાધાન કર્યું. અમે બરાબર આમનેસામનેથી પસાર થયા એટલે તેમાંથી એક ભાઈ બીજાને સંબોધીને મારી સામે હાથ લંબાવીને બોલ્યા -

"મામા, આ બાપુ તો ઉપર જાય છે તો આપણે પણ ઉપર પાછા જઈએ."

તેઓ બંને મારી પાછળ પાછળ ઉપર આવવા લાગ્યા. હું ઉપર પહોંચીને દત્તછત્રીમાં દત્તચરણ સન્મુખ બેઠો. તેઓ બંને પણ કોટની દીવાલને અઢેલીને બેઠા. મેં શ્રીફળ વધેર્યું. પાંચ શેવો ચરણ પાસે મૂકી. ટોપરાની પ્રસાદી તે ભાઈઓને પણ આપી. તેઓ થોડી થોડી વારે માથાના ફાળિયાને કાઢીને નિચોવતા હતા અને પછી તેનાથી જ વરસાદથી ભીંજાતા શરીરને લૂછતા હતા. મેં હજુ જપની શરૂઆત નહોતી કરી. આ બંને ભાઈઓના ચાલ્યા જવાની હું રાહ જોતો હતો. મારી નજર દત્તચરણ ઉપર હતી. ત્યાં એક ઉંદરડી ટોપરું ખાતી હતી. તેને જોઈને હું પરમાત્માના મહિમાને વાગોળતો હતો કે અહીં પણ જીવ જીવી રહ્યો છે અને ખોરાક મેળવી રહ્યો છે.

મારી ધીરજ છેવટે ખૂટી એટલે મેં તેઓને કહ્યું કે ભગતો, હવે તમારે નીચે જવું હોય તો જાઓ; બહુ વેળા થઈ ગઈ છે... તેઓ કહે -

"બાપુ ! અમારે ઉતાવળ નથી. તમે અહીં રહેશો ત્યાં સુધી અમેય રહીશું."

મેં કહ્યું : "હું તો સવાર સુધી અહીં રોકાવાનો છું."

તેઓ કહે : "તો અમે પણ સવાર સુધી રોકાઈશું."

મેં પૂછ્યું : "કયું ગામ ?"

તેઓ બે અક્ષરનું કોઈ નામ બોલ્યા જે મને અત્યારે યાદ નથી. ખૂબ દૂર અને ઊંડે ઊંડેથી કૂતરાના ભસવાનો અવાજ સંભળાયો. અમે ચારપાંચ વાગ્યા સુધી બેઠા. હું જપ કરતો હતો અને તેઓ માથાના ફાળિયાથી શરીર લૂછતા હતા. મેં નીચે ઊતરવાની તૈયારી કરી એટલે તેઓ પણ મારી જોડે ઊતરવા લાગ્યા. વચ્ચેની ધૂણી પાસે પહોંચ્યા એટલે તેઓ કહે -

"બાપુ ! ટાઢ બહુ વાય છે, ઘડીક તાપશું ?"

મેં કહ્યું : "તાપવું તો ઘણુંયે છે પણ તાપણું લાવવું ક્યાંથી ?"

તેઓ : "આ ધૂણીમાં ખોટારવા હશે. હમણાં તાપણું કરીએ."

એક ભાઈ આજુબાજુમાંથી કીટિયાં વીણી આવ્યા અને બીજા ભાઈએ ધૂણીની રખિયા ફંફોળીને ખોટારવા કાઢ્યા અને તેના ઉપર કીટિયાં માંડ્યા મૂકવા. થયો ભડકો. સૌ ખૂબ તાપ્યા. મારી ટાઢ બરાબર ઊડી ગઈ એટલે મેં કહ્યું -

"ચાલો હવે નીચે ઊતરી જઈએ."

તેઓ : "બાપુ તમારે જાવું હોય તો જાવ, અમે તો હજુ તાપશું."

તેઓ તાપતા રહ્યા અને હું કમંડલુકુંડે આવી ગયો. ત્યાંથી નીચે ઊતરીને મુંબઈ તરફ રવાના થઈ ગયો.

મુંબઈ પહોંચ્યા પછી ચાર-છ મહિને આ પ્રસંગને વાગોળવાની શરૂઆત થઈ -

"હું ઉપર ચડતો હતો ત્યારે તેઓ નીચે ઊતરતા હતા તો તે વખતે તેઓ ક્યાંથી આવ્યા ? ધૂણી તાપતી વખતે તેઓ

તો મારી સાથે નીચે ન ઊતર્યા પણ ત્યાં જ બેસી રહ્યા; કેમ ? જેમનાં દર્શન માટે કેટલાંય વર્ષોથી હું ભીષણ પ્રયત્ન કરી રહ્યો છું તે તો આ નહીં હોય ?'' વગેરે વગેરે.

એક વખત સાણંદ ઠાકોર સાહેબ જોડે આ પ્રસંગની વાત કરતાં તેમણે કહ્યું કે, ''તમે તો મહાભાગ્યશાળી છો. તમને સિદ્ધદર્શન થઇ ગયાં. તેઓ સિદ્ધપુરુષો જ હતા. તમને અંધારામાં રાખીને દર્શન આપી ગયા.'' મેં કહ્યું કે દર્શન કરતી વખતે જ્યાં સુધી એમ ખબર ન પડે કે આ સિદ્ધો છે ત્યાં સુધી સંતોષ ન થાય અને ત્યાં સુધી આપણું તપ કાચું-અધૂરું જ કહેવાય.

ગણેશપુરી નિવાસ દરમ્યાન આ વાતો અમ્મા જોડે થયેલી. તેઓ આ વાતો સાંભળીને ખૂબ રાજી રાજી થઈ ગયેલાં. ફરીને જ્યારે જ્યારે અમ્માને મળવાનું થયું ત્યારે તેઓ આ પ્રસંગને યાદ કરે જ. કહે કે, ''યોગભિક્ષુજી ! પેલી ગિરનારની વાત કહોને! સાંભળવી ખૂબ ગમે છે. એમ થાય છે કે જાણે સાંભળ્યા જ કરીએ.''

## ગિરનારની શિવરાત્રી

એક વખત હું અને માધાભાઈ (ખેડિરાવપુરાવાળા) શિવરાત્રીએ ગિરનાર ગયા.

આ વખતે મારી ઈચ્છા મહાકાળીની ટૂકે જવાની હતી. એ માર્ગ બિલકુલ બંધ છે. ત્યાં કોઈ જાત્રાળુ જતા નથી કે જવા દેવામાં આવતા નથી.

દત્તધૂણાની જમણી બાજુના બારણામાંથી અમે કમંડલુકુંડ બાજુ ઊતરી ગયા. ત્યાંથી મહાકાળીની ટૂક તરફ ચાલવા લાગ્યા. રસ્તો કે કેડી જેવું કાંઈ ન મળે. હજારો મણના પથ્થરો જ અવળાસવળા ચારે બાજુ વિસ્તરેલા. કોઈની પણ અવરજવર નહીં તેથી પૂછવું પણ કોને ? વળી સાંભળેલું કે તે તરફ અઘોરીઓની બીક પણ ખરી. કોઈ જગ્યાએ તો એક પથ્થર ઉપરથી બીજા પથ્થર ઉપર કૂદવું પણ પડે. થોડે થોડે અંતરે સિંદૂરનું આછું ત્રિશૂળ (સિંદૂરનું ત્રિશૂળ હતું કે તીર જેવું નિશાન હતું તે બરાબર યાદ નથી ) આવે તે નિશાનીએ નિશાનીએ આગળ વધતા જઈએ. એક તો તાપ થઈ ગયેલો અને કૂદકા મારવા પડે એટલે તરસ લાગવા માંડી. અમને એમ કે હમણાં પાછા જઈશું ને ! એટલે પાણીનું સાધન સાથે લીધેલું નહીં. ઠેકતા-કૂદતા ચારે પગે થતા જ્યાં ત્રિશૂળ પૂરું થતું હતું ત્યાં પહોંચ્યા. ત્યાં કુદરતી ગુફા જેવું બનેલું હતું. તેથી થોડો ડર પણ લાગ્યો કે રખે અંદર કોઈ હોય અને ગાળો ખાવી પડે ! અંદર કોઈ હતું નહીં. ત્યાં ઘડીક બેઠા. ચારે બાજુ નજર કરી તો ડાકણના વાંસા જેવા અને રાક્ષસના માથા જેવા, ઉબડખાબડ લઘુ-ગુરુ પથ્થરોનો વિરાટ-વિશાળ અનંત સમુદ્ર પથરાયેલો દેખાતો હતો. તરસે ગળામાં શોષ પડવા લાગ્યો હતો. અંદરથી પાણી પાણી પોકાર થતો હતો. તરસના કારણે ત્યાંથી ઊઠવાનું મન થતું નહોતું. પણ ઊઠ્યા વિનાયે છૂટકો નહોતો. અમે ઊઠ્યા. કમંડલુકુંડ તરફ પાછા ચાલવા માંડ્યું. એ બધી જગ્યા દેખાય નજીક, પણ આવે નહીં. અડધે પહોંચ્યા હોઈશું ને તરસે જીવ ટૂંકો ટૂંકો થવા લાગ્યો. પગ પાણી પાણી થઈ જવા લાગ્યા. ''બેસી પડું બેસી પડું'' થતું હતું ત્યાં સામેથી બે ભાઈઓને આવતા જોયા. એકના હાથમાં પાણીનો ભરેલો લોટો હતો. તેમને જોઈને મને વિચાર આવ્યો કે આ ભાઈઓ આપણા જેવા મૂર્ખ નથી. પાણીનું સાધન લઈને મહાકાળીની ટૂકે જવા નીકળ્યા છે. ગરજવાનને અક્કલ ન હોય, વિચારવા લાગ્યા કે આ ભાઈઓ નજીક આવે એટલે એમની પાસે ચાપુ ચાપુ પાણી માંગવું અને કંઠ ભીનો કરીને પછી કમંડલુકુંડ તરફ ખેંતાલી મૂકવા. તેઓ પાસે આવ્યા એટલે અમે કોગળો પાણીની માગણી કરી. માગણી કરતાં પૂરો ડર હતો કે તેઓ પાણી નહીં જ આપે, કારણ કે તેઓ તો હજુ મહાકાળીની ટૂકે જઈ રહ્યા છે, તેથી તેમને પાણીની સખત જરૂરત હોય જ. વળી તાપ વધતો જતો હતો, પણ અમારા આશ્ચર્ય વચ્ચે તેમણે હસતાં હસતાં પાણીનો લોટો અમારા હાથમાં મૂકતાં કહ્યું કે ધરાઈને પીઓ. અમે તો, તેમનો કાંઈ પણ વિચાર કર્યા વિના અડધો અડધો લોટો બંને પી ગયા અને ખાલી લોટો તેમને પાછો આપ્યો. તેઓ ખાલી લોટો લઈને આગળ વધી ગયા અને અમે પાણી પીને અમારા સ્થાન બાજુ મારી મૂક્યું.

આવા આપતકાળે પાણી પીવડાવી ગયા તેમને કોણ સમજવા ? તમે સૌ જ તેનો જવાબ આપી શકો. અસ્તુ.

(ક્રમશ:)

# પ. પૂ. ગુરુદેવ શ્રી યોગભિક્ષુની અમેરિકાની યાત્રાનો પ્રેરણાદાયી અહેવાલ

- ભરત દેસાઈ (અમેરિકા)

ભરત એમ. દેસાઈ
૨૦૩, ડેવોન સ્ટ્રીટ, ફર્સ્ટ ફ્લોર,
કર્ની, એન. જે. ૦૭૦૩૨.
ફોન : ૨૦૧ - ૯૯૭ - ૩૧૬૦.

ઓમ્‌પરિવાર-અમદાવાદના આધ્યાત્મિક વડા પ. પૂ. શ્રી યોગભિક્ષુજી મહારાજ, ભક્તોના અતિ આગ્રહથી અમેરિકાનાં જુદાં જુદાં રાજ્યોમાં વિચરણ કરી રહ્યા છે ; તથા સત્સંગ-સ્વાધ્યાય દ્વારા, જીવનપાથેય સ્વરૂપ સાચી સમજણનો તથા યજ્ઞો દ્વારા પર્યાવરણ-પરિશુદ્ધિ કરવાનો પ્રચંડ પ્રયત્ન કરી રહ્યા છે. અત્યાર સુધીમાં લગભગ પંદર યજ્ઞો તથા સેંકડો સત્સંગ-સ્વાધ્યાય-ગોષ્ટિઓ યોજાઈ ગયાં. હજુ પાંચ-છ યજ્ઞો નોંધાયેલા બાકી છે જે ન્યુયોર્ક, કનેક્ટીકટ, બોસ્ટન, જર્સીસીટી તથા પિટ્સબર્ગ વગેરે સ્થળોએ થશે. સમાજકલ્યાણના આવા ભગીરથ કાર્યમાં પૂજ્યશ્રીને ભક્તોનો પ્રચંડ પ્રતિસાદ મળી રહ્યો છે.

તા. ૩૧-૮-૯૬ના રોજ પૂજ્યશ્રીએ વ્રજ (પી.એ.)માં હાજરી આપી. ત્યાં ધ્યાનયોગી શ્રી મધુસુદનદાસજી મહારાજની પુણ્યતિથિ નિમિત્તે ત્રણ દિવસનો શિબિર હતો. તેમાં આઠ કલાકના અખંડ જપયજ્ઞનું ઉદ્‌ઘાટન, પૂ. શ્રી યોગભિક્ષુજીએ દીપ પ્રગટાવીને કર્યું. ત્યારે લગભગ બસો-અઢીસો અમેરિકન ભક્તોએ પૂજ્યશ્રીનું સ્વાગત-સન્માન હૃદયના ઉમળકા સાથે કર્યું. અમેરિકન ભૂલકાંઓએ પૂજ્યશ્રીને કુમકુમ-તિલક કરીને અક્ષત લગાવ્યા, તથા માનનીય શ્રી દીપકભાઈએ અને શ્રદ્ધેય શ્રી આનંદીમાએ પુષ્પમાળા અર્પણ કરીને ગરમ શાલ ઓઢાડી. પૂજ્યશ્રીએ પણ તેઓ બંનેનું વસ્ત્ર ઓઢાડીને, ઓમ્‌પરિવાર તરફથી સન્માન કર્યું. પૂજ્યશ્રીએ ઉપસ્થિત સર્વેને આશીર્વચન કહ્યા. તે દરમ્યાન વ્રજના શ્રીકૃષ્ણમંદિરના ટ્રસ્ટી શ્રી પ્રવીણભાઈ, પૂજ્યશ્રીને અતિ આગ્રહપૂર્વક મંદિરમાં દર્શને લઈ ગયા અને મહાપ્રસાદની છાબડી ભેટ ધરી, તથા મંદિરમાં પૂજ્યશ્રીનાં પ્રવચનો ગોઠવવાનો આગ્રહ કર્યો.

નંદનવન જેવા અતિ રમણીય એવા રેડિંગ (પી.એ.)માં પૂજ્યશ્રી ડૉ. કાપડીયાજીને ત્યાં ચૌદ દિવસ રહ્યા. ત્યાં ડૉકટરે તથા મહામના નીરુબેને ગુરુસેવાનો ખૂબ લાભ લીધો; અને આસપાસના ભક્તોને ત્યાં પધરામણી કરી સૌને ખૂબ લાભ આપ્યો. રેડિંગ ગામનાં શ્રી સ્મિતાબેન શાહ, ચાલીસ એકર પર પથરાયેલી પોતાની પ્રોપર્ટી પર પૂજ્યશ્રીને પગલાં પડાવવા લઈ ગયાં. રેડિંગમાં પૂજ્યશ્રી ત્રણ દિવસ પ્રકાશ ભટ્ટ અને પ્રજ્ઞાબેન ભટ્ટને ઘેર રોકાયા. શ્રી પ્રકાશ ભટ્ટ, વી. એફ. કોર્પોરેશન નામની અમેરિકન કંપનીના પ્રેસિડન્ટ છે. એક ગુજરાતી તરીકે તેઓશ્રીએ આવો ઉચ્ચ હોદ્દો પ્રાપ્ત કરીને ગુજરાતનું નામ રોશન કર્યું છે. આખા અમેરિકામાં આ કંપનીની એકાવન શાખાઓ પથરાયેલી છે. પતિ-પત્ની બંનેએ હૃદયના ઉમળકા સાથે ગુરુસેવાનો લાભ લીધો. તા. ૭-૯-૯૬ના દિવસે રાત્રે આઠ વાગ્યે પૂજ્યશ્રીએ તેમના ઘેર હિન્દી ભાષામાં આધ્યાત્મિક પ્રવચન કર્યું ; જેમાં ડૉકટરો, ઈજનેરો, પ્રોફેસરો વગેરેએ હાજરી આપી અને પ્રશ્નો પૂછીને સમાધાન મેળવ્યું.

હેરિસબર્ગ (પી.એ.)માં, અનેક હોટેલો અને મોટેલોના માલિક દાનવીર શ્રી હસુભાઈ શાહ તથા શ્રી હર્ષાબેન શાહને ત્યાં નંદમહોત્સવમાં પૂ. ગુરુદેવે હાજરી આપી. પતિ-પત્ની બંનેએ પૂજ્યશ્રીનું ભાવભીનું સ્વાગત કર્યું. હર્ષાબેને પૂજ્યશ્રીનો ટૂંક પરિચય આપ્યો. ઉપસ્થિત સર્વે ભક્તજનોએ એકી સાથે "જય શ્રીકૃષ્ણ" કહીને પૂજ્યશ્રીનું સ્વાગત કર્યું.

તા. ૧૨-૯-૯૬ના રોજ પૂ. ગુરુદેવનું ભારત આવવાનું બુકિંગ થઈ ગયું છે. તે દરમ્યાન અનેક સત્સંગ-સ્વાધ્યાય-ગોષ્ટિઓનું તથા પધરામણીઓ દ્વારા સાચી સમજણના પ્રચારનું આયોજન થઈ ગયું છે. તા. ૨૯-૯-

૯૬નો બોસ્ટનનો ગાયત્રી-મારુતિ-યજ્ઞ પતાવીને પૂ. ગુરુદેવ મિકેનીક્સબર્ગ, પીટ્સબર્ગ થઈને વેસ્ટ વર્જિનિયાના મોરગન ટાઉન નામના ગામમાં શ્રી જીતાબેન તથા શ્રી સંજયભાઈ સકસેનાને ત્યાં જશે. ત્યાં લગભગ એક માસ જેવું રોકાશે. ત્યાં રહીને ગુરુદેવના એક અંગ્રેજી પુસ્તકના પ્રકાશનની યોજના વિચારાયેલ છે. મનુષ્ય યત્ન, ઈશ્વર કૃપા.

ઉપરોક્ત તમામ કાર્યક્રમો દરમ્યાન પ. પૂ. ગુરુદેવ શ્રી યોગભિક્ષુજીએ જે અમૃતવાણી વહાવી તેનો સાર આ પ્રમાણે છે-

## વ્રજની શિબિરમાં

( પૂજ્યશ્રી ગુજરાતીમાં બોલ્યા હતા. શ્રી દીપકભાઈએ તેનો અંગ્રેજીમાં અનુવાદ કર્યો હતો. પૂજ્યશ્રીએ અંગ્રેજીમાં એક લીટી બોલીને પ્રવચનનો આ પ્રમાણે પ્રારંભ કર્યો હતો -

માય ડિયર સ્પિરિચ્યુઅલ બ્રધર્સ એન્ડ સિસ્ટર્સ; આઈ એમ વેરી સોરી, એક્સક્યુઝ મી, આઈ ડોન્ટ નો ઈંગ્લિશ. આઈ નો ઓન્લી હિંદી એન્ડ ગુજરાતી. અર્થ : મારા વહાલા આધ્યાત્મિક ભાઈઓ અને બહેનો; હું દિલગીર છું, મને માફ કરશો, હું અંગ્રેજી જાણતો નથી. હું ફક્ત હિન્દી અને ગુજરાતી જ જાણું છું.) બસ, આટલું તો ગોખેલું બોલ્યો, હવે ગુજરાતીમાં બોલીશ (હસાહસ).

કોઈ કહે છે કે મેં શક્તિપાતની દીક્ષા લીધી છે, તો કોઈ કહે છે કે અમે ગુરુસંતોની આશિષ મેળવી છે, તો કોઈ કહે છે કે અમને સમાધિ થાય છે, તો કોઈ કહે છે કે અમને આત્મ-પરમાત્મ-સાક્ષાત્કાર થયો છે, વગેરે વગેરે. આવું બધું તમને ભલે થયું પણ એ વિચારવું અતિ જરૂરી છે કે આવું બધું જેમને નથી થયું તેના જીવનમાં અને તમારા જીવનમાં શું ફર્ક છે ? આ બધાના કારણે તમારામાં કાંઈ વિશેષતા આવી છે ? રાગ-દ્વેષ, કામ-ક્રોધ, મોહ-માયા, લોભ-લાલચ, વેર-ઝેર વગેરે કાંઈ ઘટ્યાં છે? જો આમાંનું કાંઈ ઘટ્યું ન હોય અને પશુ-પક્ષી જેવું જ જીવન હોય તો શક્તિપાત કે સમાધિ પ્રાપ્ત કર્યાનો અર્થ શું સર્યો? ઘાણીનો બળદ ભલે ગમે તેટલાં ચક્કર લગાવે પણ તોય હતો ત્યાંનો ત્યાં જ !

**કામ, ક્રોધ, મદ, લોભકી, જબ લગ મનમેં ખાન ;**
**તબ લગ પંડિત મૂર્ખો, કબીરા એક સમાન.**

આપણે આપણા ગુરુસંતોના નિર્મોહીપણાની ખૂબ પ્રશંસા કરીએ છીએ પણ આપણા પરિવારમાંથી કોઈ એવું ત્યાગી-વૈરાગી કે નિર્મોહી થાય તો આપણને ગમતું નથી. કેમ નથી ગમતું ? એટલા માટે કે આપણે ગુરુસંતોની મહાનતાને ખરેખર મહાન માનતા નથી. ફક્ત કહેવા ખાતર જ, ખુશામત ખાતર જ પ્રશંસા કરીએ છીએ, પાખંડ આચરીએ છીએ. આપણાં બાળકો ડૉક્ટર, ઈજનેર, પ્રોફેસર વગેરે થાય તે આપણને જેમ ગમે છે તેમ આપણાં બાળકો ગુરુસંતો જેવાં ત્યાગી-વૈરાગી થાય તો તે પણ આપણને ગમવું જોઈએ. તો જ આપણે ગુરુસંતોની સાચી કિંમત સમજ્યા કહેવાઈએ.

## રેડિંગમાં - પ્રકાશ ભટ્ટને ત્યાં

લાખ રૂપિયાની વસ્તુ ભલે આપણને પચાસ હજારમાં મળે કે ભલે મફત મળે પણ તોય તેની કિંમત લાખ છે તે આપણને સમજાવું જોઈએ, તો જ આપણે બુદ્ધિમાન કહેવાઈએ, તો જ આપણે તે વસ્તુનો પૂરો લાભ લઈ શકીએ.

ખૂબ ત્રાસ અને પરિશ્રમ વેઠીને આપણે કોઈનું પ્રવચન સાંભળવા જઈએ અને તેની કિંમત આપણને જેટલી સમજાય તેટલી જ કિંમત, કોઈ આપણને આપણા ઘેર આવીને પ્રવચન સંભળાવે તોયે સમજાવી જોઈએ.

અમે એક પ્રખ્યાત સ્ટોર્સમાં ખરીદી માટે ગયા. જે વસ્તુ નાના સ્ટોર્સમાં પંદર ડૉલરમાં મળતી હતી તે જ ત્યાં ત્રીસ ડૉલરમાં મળતી હતી, કારણ કે તેના પર પ્રખ્યાત કંપનીનું લેબલ મારેલું હતું. વસ્તુ એકની એક હોવા છતાંય, પ્રખ્યાત લેબલના કારણે કિંમત બમણી થઈ ગઈ ! તે જ પ્રમાણે પ્રખ્યાતી પામેલ અને પ્રખ્યાતી ન પામેલ સંતોનો સત્સંગ સાંભળીએ છીએ ત્યારે પણ તેમ થતું હોય છે. તેમ ન થવું જોઈએ, બંનેનો સત્સંગ અતિ કિંમતી જ હોય છે.

## હેરિસબર્ગ (પી.એ.) - હસુભાઈ શાહના ત્યાં

સામાન્ય જનોને મસ્તકમાંથી અમૃતધારા નાભી તરફ વહેતી હોય છે, ઊર્ધ્વમાંથી અધોગામી થતી હોય છે. પણ અસામાન્ય જનોને અધોગામી ધારા ઊર્ધ્વગામી થતી હોય છે. અસામાન્ય બનવા માટે ધારાને અવળી પલટાવી નાખવી પડે છે. ધારા અવળી વહે છે ત્યારે ''ધારા'' શબ્દ પણ અવળો થઈને ''રાધા'' થઈ જાય છે. ધારામાંથી જ્યારે

રાધા બનાય છે ત્યારે જ વૈકુંઠમાં (મસ્તકમાં-બ્રહ્મરંધ્રમાં) પહોંચીને શ્રીકૃષ્ણને મળી શકાય છે. અને ત્યારે જ ત્યાં દિવ્ય રાસલીલા રચાય છે. સ્થૂળ રાસલીલામાંથી ઉપર ઊઠીને દિવ્ય રાસલીલામાં પહોંચવાનો પ્રયત્ન થવો ઘટે.

# પૂજ્ય મોટાભાઈને શ્રદ્ધાંજલિ
## (એક પ્રેરણાદાયી અહેવાલ)

- ઉષાબેન પટેલ



પૂ. શ્રી ગિરજાશંકર જોષી

પ. પૂ. ગુરુદેવ શ્રી યોગભિક્ષુજીના મોટાભાઈ પૂ. શ્રી ગિરજાશંકરભાઈ દેવલોક પામ્યા તે નિમિત્તે પૂજ્યશ્રીએ એક આધ્યાત્મિક કાર્યક્રમનું આયોજન કર્યું. તા. ૭-૨-૯૬ ના રોજ સવારે દોઢ કલાક માટે યજ્ઞનો કાર્યક્રમ રાખ્યો. અનેક ગુરુભાઈબહેનોએ આ કાર્યક્રમમાં ભાગ લીધો. બપોરના વિરામ બાદ સાંજે સ્વાધ્યાય-સત્સંગનો કાર્યક્રમ હતો. ઉપસ્થિત ગુરુભાઈબહેનોએ પ્રેમપૂર્વક સ્વાધ્યાયગાન કર્યું. સત્સંગ દરમ્યાન પ્રાસંગિક પ્રવચન કરતાં પૂજ્યશ્રીએ જણાવ્યું કે -

“આજે સવારે અહીં ‘ધર્મમેઘ’માં યજ્ઞ રાખ્યો હતો અને અત્યારે સ્વાધ્યાય-સત્સંગનો કાર્યક્રમ છે. ત્યાર બાદ ભોજન-પ્રસાદ છે. મોટાભાઈ દેવ થઈ ગયા તે નિમિત્તેની તમામેતમામ વિધિ ગઈ કાલે પતાવી દીધી. તો, હવે જેઓએ મૃત્યુપ્રસંગ નિમિત્તે સફેદ વસ્ત્ર પહેર્યાં હોય તેઓએ શોક મૂકી દેવાનો છે. અસ્તુ.

“આપણા બકરાણાવાળા રવુભા બાપુ ક્યારેક હસતા હસતા કહેતા કે - કોઈ ગુજરી ગયું હોય તેની જાણ કરતો આપણી ઉપર પત્ર આવે તો તેમાં લખ્યું હોય કે અમારા પૂજ્ય પિતાશ્રી ફલાણા ફલાણા સ્વર્ગવાસી થયા છે એ બહુ જ ખોટું થયું છે. અમારા પિતાજીનો કૈલાસવાસ થયો છે તેનું બહુ દુ:ખ થયું છે. કેવું ગાંડપણ ! અલ્યા, તારા પિતાજીનો સ્વર્ગવાસ થયો, કૈલાસવાસ થયો તે ખોટું થયું ? તેનું તને દુ:ખ થયું ? જે માટે સૌ કોઈ જીવનભર ઈચ્છા રાખે છે, પ્રયત્ન કરે છે કે મૃત્યુ પછી સ્વર્ગમાં જવાય; તે તારા પિતાજીને પ્રાપ્ત થયું એ ખોટું થયું કે સારું?! તેનું દુ:ખ હોય કે આનંદ ?! - રવુભા બાપુ આમ કહીને સૌને હસાવતા અને ગમ્મત સાથે જ્ઞાન આપતા. આજે એ વાત યાદ કરીને અમે તમને સૌને હસાવ્યા અને તમારો શોક થોડો હળવો કર્યો.

“આજના આ કાર્યક્રમનું આમંત્રણ આપતું બોર્ડ આપણે અહીં ચડાવેલું અને ઘણા બધા ગુરુપ્રેમીઓને મૌખિક જાણ પણ કરેલી કે જેથી વધુમાં વધુ ગુરુભાઈબહેનો, મુમુક્ષુઓ આજના કાર્યક્રમનો લાભ બરાબર લઈ શકે. સૌએ એક વાત બરાબર સમજી લેવાની છે કે જો આપણે ગુરુસંતોમાં માનતા હોઈએ, અધ્યાત્મમાં માનતા હોઈએ અને આપણને તેવા કોઈપણ કાર્યક્રમની ખબર પડે, પરંતુ ભલે તે કાર્યક્રમનું આમંત્રણ આપણને ન મળ્યું હોય, તોપણ આપણે સહર્ષ ત્યાં પહોંચી જવું જોઈએ. પરંતુ જો આપણને આધ્યાત્મિકતામાં અને ગુરુ-સંતોમાં રસ જ ન હોય તો, ભલે આપણને આમંત્રણ મળ્યું હોય તો પણ ત્યાં જવાનો કોઈ જ અર્થ નથી. આ આમંત્રણની વાત ઉપરથી પરમ દિવસે બનેલ એક પ્રસંગ યાદ આવી ગયો.

“પરમ દિવસે એક ભાઈ અહીં આવેલા. બિચારા ખૂબ ઢીલા થઈ ગયેલા લાગતા હતા. તે અમને કહે કે ‘મોટાભાઈ દેવ થઈ ગયા તે જો મને કહેવડાવ્યું હોત તો હું જરૂર આવત.’ અહીં, તેમને કહેવડાવ્યું હતું કે નહીં તે વાત અગત્યની નથી. પરંતુ અમે તેમને જે વાત કહી તે અગત્યની છે. અમે કહ્યું કે આ મૃત્યુનો પ્રસંગ એવા પ્રકારનો છે કે જેને

ત્યાં આવો પ્રસંગ બન્યો હોય તે આપણને જો કહેવડાવે તો જ જવાય એવું જરૂરી નથી. આપણને તેમના પ્રત્યે લાગણી હોય, પ્રેમ હોય તો ન કહેવડાવ્યું હોય તોપણ પહોંચી જવાય. હા, જો કોઈને ત્યાં લગ્નમાં મહાલવા જવાનું હોય, જમવા જવાનું હોય તો ત્યાં જવા માટે આપણને આમંત્રણ છે કે નહીં તે અંગે વિચારીએ એ બરાબર છે. કોઈની ખુશીમાં કે આનંદમાં ભાગ પડાવવો હોય તો તે માટે આમંત્રણની જરૂર ખરી પરંતુ કોઈના દુઃખમાં ભાગ પડાવવા જવું હોય તો તેમાં કાંઈ આમંત્રણની રાહ ન જોવાય; ત્યાં તો માત્ર જાણ થતાં જ વગર આમંત્રણે પહોંચી જવું જોઈએ. જો આપણને સામેની વ્યક્તિ પ્રત્યે સાચો પ્રેમ હોય તો આમંત્રણ-નિમંત્રણની કાંઈ જરૂર નહીં; આપણે કોઈને મદદ કરવા જવાનું હોય, આશ્વાસન આપવા જવાનું હોય, દિલાસો આપવા જવાનું હોય; એ બધા માટે આમંત્રણની જરૂર નહીં. આમ કહી અમે તે ભાઈના મનનું સમાધાન કર્યું. અસ્તુ.

"ફક્ત બે દિવસ પછી જ તા. ૯-૨-૯૬ના રોજ અમારા નાના ભાઈને ત્યાં લગ્નપ્રસંગ છે. મોટાભાઈનો આ પ્રસંગ બન્યો તેથી ઘરમાં સૌ કોઈ લગ્નપ્રસંગ સાદાઈથી પતાવી દેવા વિચારતા હતા. આ વાત અમારી જાણમાં આવી એટલે અમે એ વાતની ના પાડી. અમે કહ્યું કે મોટાભાઈના નિમિત્તે એ લગ્નપ્રસંગ સાદાઈથી શા માટે ઊજવવો જોઈએ ? મોટાભાઈ તો ચુમ્મોતેર વર્ષના હતા. કેટલાંય વર્ષોથી બીમારીના કારણે હેરાન થતા હતા. વળી એમની પાછળ મોટી લીલી વાડી છે, આનંદ છે. તેથી લગ્નપ્રસંગ તો પૂરી ધામધૂમથી ઊજવો. આજનો યજ્ઞ અને સ્વાધ્યાય-સત્સંગનો કાર્યક્રમ ધામધૂમથી ઊજવી રહ્યા છીએ અને નવમી તારીખનો લગ્નપ્રસંગ પણ ધામધૂમથી ઊજવીશું. અહીંનાં અને બહારગામનાં સગાં-સ્નેહીઓને જાણાવી દીધું છે કે લગ્નના કાર્યક્રમમાં સહેજ પણ ફેરફાર નથી કર્યો. મોટાભાઈના પ્રસંગના કારણે હૃદયમાં જે આઘાત લાગ્યો હોય તે કાંઈ પ્રદર્શનની વસ્તુ નથી, જાહેરાતની વસ્તુ નથી. લગ્ન ધામધૂમથી કરવાના અને છતાંય મૃત્યુ-પ્રસંગની જે મર્યાદા છે એ પૂરેપૂરી જાળવવાની, અમુક પ્રકારના કપડાં પહેરવાથી કે વર્તન કરવાથી જ કાંઈ શોક દેખાય તેવું નથી. અને બીજા પ્રકારનાં કપડાં પહેરવાથી કે વર્તવાથી શોક-દુઃખ નથી તેવું પણ નથી. શોક તો છે હૃદયની ભાવના. તેથી ગમે તે પહેરીશું કે અમુક પ્રકારે વર્તીશું તો પણ હૃદયમાં જે છે તે તો રહેવાનું જ છે. અસ્તુ.

"અમે એક વખત મોટાભાઈને પૂછેલું કે મોટાભાઈ! બાપુજી ગુજરી ગયા તે પહેલાં તમે એમની જે સેવા કરી હતી તે જોઈને બાપુજીએ તમને કહ્યું હતું કે 'ધન્ય છે, ધન્ય છે.' તો, આજે તમને પૂછવાનું મન થાય છે કે તમે કોને "ધન્ય છે, ધન્ય છે" એમ કહેવાના ? મોટાભાઈ કહે કે 'તમને'. અમે તેમને કહ્યું કે અમને ધન્યવાદ ન હોય. હું તો તમારો નાનો ભાઈ છું. તમારી સેવા કરવી એ તો મારા માટે લહાવો છે. વડીલની સેવા કરવી એ તો ધર્મ છે. હું તમારો નાનો ભાઈ છું તેથી તમારી સેવા-ચાકરી કરવા માટે મને ધન્યવાદ ન હોય. મારી દૃષ્ટિએ તો ઓમ્‌પરિવારના ડૉક્ટરભિક્ષુ, વગેરે સૌ મિત્રોને ધન્યવાદ દેવા પડે, ધન્યવાદને પાત્ર તો એ બધા છે. તમને આવા શરીરે માઉન્ટ આબુ ફરવા લઈ ગયા હતા ત્યારે ત્યાં તમને ખભા ઉપર બેસાડીને ફેરવેલા, ઊંચામાં ઊંચી પર્વતની ટૂકો ઉપરની ગુફાઓ, તમને ઊંચકીને લઈ જઈને બતાવેલી. આ તો એક દાખલો છે, બાકી આવી રીતે એ સૌ તમારી કાયમ માટે સેવા કરતા હોય છે. રાત-દિવસ નથી જોતા. જ્યારે બોલાવીએ ત્યારે હાજર. પોતાનાં માતાપિતાની સેવા કરવામાં પણ કદાચ થોડી કચાશ રહી જતી હશે, પણ તમારી સેવામાં ક્યાંય સહેજ પણ કચાશ રાખતા નથી. તેથી મારી દૃષ્ટિએ તો આપણા એ આધ્યાત્મિક મિત્રો, ઓમ્‌પરિવારના સ્વયંસેવકો ધન્યવાદને પાત્ર છે.

"કહેવાની મતલબ એ કે આપણે સૌએ વીસ વીસ વર્ષ સુધી મોટાભાઈની ખૂબ ખૂબ સેવા-ચાકરી કરી છે. તેમને અગવડ ન પડે, તકલીફ ન પડે, તે માટે થઈને જાતજાતની સુવિધાઓ, સગવડો ઊભી કરવાનો સદા પ્રયત્ન કર્યો છે અને મોટાભાઈ આનંદ કરતા કરતા, લહેર કરતા કરતા ગયા છે. માટે તેમનો શોક ન હોય. વળી મોટાભાઈનું જીવન પણ કેટલું સરળ હતું ! ખંડેરાવપુરાવાળા અમારા પરમ પ્રેમી શ્રી રાઘવજીભાઈ ઉપર મોટાભાઈના જીવનની, સરળતાની, સાદાઈની, સદાચારની એવી અસર પડેલી કે તેઓ મોટાભાઈને જનકવિદેહી જ કહેતા. વળી મોટાભાઈએ તથા અમારા મામાએ અમારામાં સંયમ-નિયમના ઉત્સાહનું સિંચન કરેલું. તેમની આગવી પ્રેરણાને કારણે જ આ યોગભિક્ષુ જે કાંઈ છે

એ છે.

"હળવદના ટોટરિયા જોષીના (અમારા કુટુંબના) કુળદેવતા ખેતલિયા દાદા છે. હળવદથી લગભગ પાંચ-સાત કિ.મી. દૂર તેમનું સ્થાન આવેલું છે. નદીના કિનારે એક ખાડામાં ફક્ત એક પાળિયો છે, બીજું કાંઈ નથી. તેઓના માટે કહેવાય છે કે ધર્મની રક્ષા માટે તેઓ ખૂબ ઝઝૂમેલા અને લડતાં લડતાં એમનું માથું કપાઈને પડી ગયું તોયે એમનું ફક્ત ધડ લડતું રહ્યું! અમારા મોટાભાઈ અમને કહેતા કે 'તમે આટલી મોટી ઉંમરે પણ કુટુંબપરિવારનું, ઓમ્‌પરિવારનું, લોકકલ્યાણ માટેના સાહિત્યનું, સત્સંગનું અને સાથે સાથે મારું કેટલું બધું કામ કરી રહ્યા છો! આ તમામ કાર્યો પાછળ કેટલો બધો શ્રમ અને સમય ફાળવો છો! તો, મને તો એમ લાગે છે કે તમારામાં ખેતલિયા દાદા પ્રવેશી જતા હશે.' આમ કહીને તેઓ અમને બિરદાવતા.

"મોટાભાઈ કહેતા કે જાણે ખેતલિયા દાદા અમારામાં પ્રવેશી જાય છે. પણ પ્રવેશી જવું એટલે શું ? આપણે જોઈએ છીએ કે કોઈ ભાઈ, કે કોઈ બહેન, કે કોઈ ભૂવો ખૂબ જ ધૂણતો હોય છે ત્યારે આજુબાજુ ઊભેલા લોકો કહેતા હોય છે કે તેના શરીરમાં માતાજીએ કે હનુમાનજીએ પ્રવેશ કર્યો છે એટલે એ ધૂણે છે અને હોંકારા કરે છે. એ અર્થમાં કે એ પ્રકારના ભાવમાં મોટાભાઈ અમને ઉપરોક્ત વાત કહેતા નહીં. કારણકે એ ભાવ તો સાવ ઓછી સમજણવાળાનો છે. એમ માતાજી અને હનુમાનજી જો પ્રવેશી જતા હોય તો ભૂવાને થોડા પૈસા માટે ધૂણવું જ શા માટે પડે ? મોટાભાઈ અમને કુળદેવતાના પ્રવેશવાની વાત એ અર્થમાં કરતા કે ખેતલિયા દાદામાં જેવી શૂરવીરતા-શક્તિ હતી એવી જ શક્તિ અમારામાં લાગે છે. નહીંતર આટલી ઉંમરે અમે આટઆટલું કામ કરી જ કેવી રીતે શકીએ ?!

"કાલે જ એક વડીલ આવેલા ત્યારે તેમની સાથે વાત થયેલી કે ભૂવો એટલે શું ? ધૂણવું એટલે શું ? સામાન્ય જનનું એવું માનવું છે કે જે ભૂવો થાય એ ધૂણે. અને ધૂણવું એટલે હા-હું હા-હું કરીને માથું ગોળ ફેરવવું, શરીર ઉછાળવું. પરંતુ એ તો અંધશ્રદ્ધાનો એક સાવ સામાન્ય પ્રકાર છે. આપણે તો એનાથી આગળ વધીને તેના અતિ મૌલિક સૂક્ષ્મ અર્થને સમજવાનો છે.

"ધૂણવું એટલે ધૂન ચડાવવી. જગતનું દરેકે દરેક કાર્ય આપણે ત્યારે જ કરી શકીએ કે જ્યારે એ કાર્ય કરવાની ધૂન ચડાવવામાં આવે, એની હઠ ચડાવવામાં આવે. અને જ્યારે આમ થાય ત્યારે જ નાનામાં નાના કાર્યથી માંડી મોટામાં મોટું કાર્ય સરળતાથી પાર પડે. તો, ભૂવા બની ધૂણવું એટલે મગજમાં એવી ધૂન ચડાવવાની કે આપણે આ કાર્ય કરવું જ છે, પાર પાડવું જ છે. કયું કાર્ય ? ભૌતિક સ્વાર્થનું નહીં પણ જગતના-વિશ્વના કલ્યાણ માટેના કાર્યની ધૂન ચડાવવાની. અને જ્યારે એ ધૂનમાં આગળ વધતા જઈએ, આગળ વધતા જઈએ ત્યારે એ બધું આપણી અંદર જ સમાઈ જાય, આપણા સ્થૂળ અને સૂક્ષ્મ શરીર સાથે ઓતપ્રોત થઈ જાય, આપણા રુંવાડે રુંવાડે એ પ્રસરી જાય. આમ બને ત્યારે આપણને અંદરથી કોઈ દિવ્ય દૃષ્ટિ, દિવ્ય નાદ, અલૌકિક જ્ઞાનની પ્રાપ્તિ થાય, કે જેનાથી જગતનું કલ્યાણ થઈ શકે.

"તો, જીવનમાં કેવી ધૂન ચડાવવાની ? એવી, કે મારે કુટુંબનું, સમાજનું અને વિશ્વનું કલ્યાણ કરવાનો નમ્ર પ્રયત્ન કરવો છે. અને જેને એવી ધૂન ચડે તેની માનસિક સ્થિતિ કેવી હોવી જોઈએ ? એવી કે જગતનાં કલ્યાણનાં કાર્યો કરવામાં પોતાનાં તમામ વ્યક્તિગત સુખ-ભોગનું બલિદાન આપવા સદાય તૈયાર, તત્પર રહેવું, તેમાં સહેજ પણ પાછી પાની ન કરવી. વિશ્વકલ્યાણની જેને આવી ધૂન ચડી છે, જેણે આવી ધૂન ચડાવી છે, તેના વિરાટ કાર્યમાં અંતરાયો નાખનારાઓ, તેની ટીકા કરનારાઓ, પોતાની મેલી રમત રમવા આવતા હોય છે. આવા લોકો ઘુવડ જેવા હોય છે. સૂર્યનારાયણ ઊગે કે તરત જ અજવાળું પ્રસરી જાય અને તેથી સૌ કોઈ રાજી થાય પરંતુ ઘુવડને તે ન ગમે, તે રાજી થાય નહીં. કેમકે તે અંધારામાં જ રહેવા ટેવાયેલું છે, તેને અજવાળું ગમતું નથી. તો આમ, જે કોઈ વિશ્વકલ્યાણનાં કાર્યો કરતા હોય છે તેની ઈર્ષા કરનારા, ટીકા કરનારા, હવનમાં હાડકાં નાખનારા પણ જગતમાં હોય છે. એવા ઈર્ષાળુઓ વિશ્વકલ્યાણનું કાર્ય કરનારને તેના આ કાર્યમાંથી પાછા પાડવા માટે જાતજાતના પેંતરા ભરતા હોય છે, કે જેથી તે કેમે કરીને એના એ કાર્યમાંથી પાછો પડે. વળી આવા ઈર્ષાળુ પેંતરાબાજો પોતાના આવા વર્તન માટે મનમાં હરખાતા હરખાતા એમ વિચારતા હોય છે કે 'આપણે કેવા બુદ્ધિશાળી છીએ! તેને કેવો છેતરી રહ્યા છીએ! તેના માણસ હોવાનો ઢોંગ કરીને કેવા તેમની સભાઓમાં ઘુસી જઈએ છીએ

અને પછી તેમને પાછા પાડવા માટે કેવા પેંતરા ભરીએ છીએ?'' પરંતુ વાસ્તવમાં જોતા, આવા સાચા ભૂવાને, વિશ્વકલ્યાણના ભેખધારીને, સાચા ત્યાગી-બલિદાનીને, કે જેને ઈર્ષાળુ પેંતરાબાજો ડફોળ સમજતા હોય છે તેને તો આખા જગતની તમામે તમામ રમતનો અંદાજ હોય છે જ. તેઓ ઈર્ષાળુ પેંતરાબાજોની રમતને સમજવા છતાં પણ તેને માફ કરતા હોય છે. તેઓ એમ વિચારતા હોય છે કે આ બીચારો વધુ અનઅધિકારી જીવ છે જે પોતાના ઈર્ષાળુ, અકલ્યાણકારી વર્તન દ્વારા પોતાના જ પગ પર કુહાડી મારે છે તેની તેને પોતાને જાણ પણ નથી !

''તો, વિશ્વકલ્યાણના ભેખધારી સાચા ભૂવાઓ, ઈર્ષાળુ પેંતરાબાજોનું, દુષ્ટ વૃત્તિથી આવનારાઓનું કલ્યાણ કરવા માટે તેમને પ્રેમથી આવકારે છે કે 'હા..! આવો ફલાણાભાઈ, આવો ફલાણાબેન ! જરા અમારી વધુ નજીક આવીને બેસો.' તે મનમાં સમજતા હોય છે કે આવનાર અનઅધિકારી જીવ છે, તે તેના દાવ ખેલવા માટે આવ્યો છે. તેથી તેને મારી વધુમાં વધુ નજીક બેસાડી, તેને વધુમાં વધુ સમજાવીને મારે તેનું કલ્યાણ કરવું પડશે. જે સાચા અધિકારી છે, તૈયાર થઈ ગયેલા છે તે મારાથી દૂર બેઠા હશે અને કદાચ અહીં થતો સત્સંગ નહીં સાંભળતા હોય તોપણ ચાલશે. જેને આખો કક્કો બરાબર આવડતો હોય છે તેને પછી કક્કાના અક્ષરો ઘૂંટવાની જરૂરત હોતી નથી. પરંતુ જેને બિલકુલ જ કક્કો નથી આવડતો તેને અક્ષરો વધુ ને વધુ ઘૂંટવા પડે છે. તેવી જ રીતે, જે સાચી સમજણની વાતો બરાબર સમજીને, જીવનમાં ઉતારીને તે પ્રમાણે જીવી રહ્યો છે તે તો પછી આ વાતો સાંભળે, કે ઓછી સાંભળે, કે ન સાંભળે તોપણ કાંઈ ફેર પડતો નથી. પરંતુ જે અજ્ઞાની છે તેને વધુ ને વધુ આ વાતો સાંભળવાની જરૂર છે. જ્ઞાનને ઉંમર સાથે કાંઈ જ લેવાદેવા નથી. કોઈ ઉંમરમાં નાનો હોય તોપણ સમજણપૂર્વક જીવન જીવતો હોય છે અને કોઈ મોટી ઉંમરનો હોવા છતાં અજ્ઞાનતામાં જીવન વિતાવતો હોય છે. પૂજ્યપાદ શંકરાચાર્ય મહારાજે ફક્ત બત્રીસ વર્ષની ઉંમરમાં ચાર પીઠ સ્થાપી દીધી હતી જ્યારે ચાંગદેવ બારસો વર્ષના હતા તોપણ અહમના અંધકારમાં, અજ્ઞાનમાં ગોથાં ખાતા હતા. અસ્તુ.

''ખેતલિયા દાદાની બિરદાવલીમાં એક પંક્તિ આવે છે -

**ગળથૂથી જેમની ત્યાગ-બલિદાનની,**
**સંયમનો સિંચ્યો જેમણે ઉમંગ;**
**'યોગભિક્ષુ' પૂજ એવા ખેતલિયા દાદાને,**
**પામીશ તો શૌર્યનો સિંદુરિયો રંગ.**

''ખેતલિયા દાદાએ ત્યાગ, બલિદાન અને સંયમમય જીવન માટે શું શું કર્યું હતું !? તેમના જીવનમાં તે ગુણો સંપૂર્ણપણે છવાયેલા હતા. તો પછી તેમનો ભૂવો કેવો હોય ! તેનામાં ત્યાગ, બલિદાન અને સંયમ માટે થઈને કેટલી બધી ઊંચી સમજણ હોય!

''તો, સૌએ આવા ભૂવા બનવાનું છે અને આવી ધૂન ચડાવવાની છે. આ કાંઈ સામાન્ય ભૂવાની વાત નથી સમજવાની પણ એથી કાંઈ-કેટલાય ગણું આગળ નીકળવાનું છે. તેમાં પછી એ નથી વિચારવાનું કે મને લોકો શું કહે છે ? મને ગુરુ કહે છે કે નહીં, મહાત્મા કહે છે કે નહીં ? અરે ! તને લોકો ગુરુ-મહાત્મા કહે કે ન કહે તેની પરવા કર્યા વગર ત્યાગ, બલિદાન અને સંયમમય જીવન જીવીને વિશ્વકલ્યાણના કાર્યમાં મચી પડવાનું છે. અને તે કાર્યમાં એવા મચી પડ્યા હશો તો, તમે લોકોથી દૂર રહેવા ગુફામાં પેસી જશો તોપણ લોકો તમને શોધતા શોધતા ત્યાં પણ દોડી આવશે. કહેવત છે કે ''માંગે સો ભાગે, ત્યાગે સો આગે.'' તો, ભૂવાની વાતને અને ધૂણવાની વાતને આમ મૌલિક રીતે સમજવાની છે, તેનો સૂક્ષ્મ અર્થ સમજવાનો છે; અંધશ્રદ્ધાયુક્ત થઈને આવી વાતો સમજવાની નથી. અસ્તુ.

''બકરાણામાં રવુભાબાપુને ઘેર એક વખત યજ્ઞનો કાર્યક્રમ રાખેલો. અમે અને મોટાભાઈના કુટુંબે ત્યાં હાજરી આપેલી. રવુભાબાપુ અમને મળે એટલે હંમેશાં એક વાત કહેતા કે 'આપણા બેયનો સંપ્રદાય એક !' એટલે કે બંનેય કુંવારા, પરણેલા નહીં. એ પણ અમારી જેમ એમના મોટાભાઈની સાથે રહેતા અને એમને પણ ભાભી હતાં. યજ્ઞમાં અમારાં ભાભી એમનાં ભાભીને મળ્યાં ત્યારે એમનાં ભાભીએ કહ્યું કે 'બોન! આપણે તો બહાર યાત્રા કરવા જવાની જરૂરત જ નહીં. તમારેય ઘરમાં જ ભગવાન અને મારેય ઘરમાં જ ભગવાન !' અમારાં ભાભીએ અમને એ વાત કરી. એ સાંભળી અમે કહ્યું કે રંગ છે ને એમને ! કહેવાય ત્યારે એક સાવ નાનકડા ગામડામાં

રહેતાં સાવ અભણ માણસ પરંતુ ચાર વેદ, અઢાર પુરાણ અને એકસો આઠ ઉપનિષદ; એ બધુંયે ભણીભણીને જે જ્ઞાન પ્રાપ્ત ન કરી શકે એટલું જ્ઞાન એમણે પ્રાપ્ત કરી લીધું છે. એમને એ ખબર પડી ગઈ કે આપણે ક્યાંય જવાની જરૂર નથી, બધું ઘરમાં જ છે. રંગ છે એ નાનકડા ગામમાં રહેતાં સાવ અભણ બેનને ! રંગ છે તેમની આર્ષદષ્ટિને ! રંગ છે તેમની તત્ત્વજ્ઞાનરૂપી સાચી સમજણને !

"અત્યારે આપણે જે વાતો કરી રહ્યા છીએ તે સત્સંગની જ છે. કેવળ ગીતા જ વાંચવા બેસી જઈએ, કે રામાયણ-મહાભારત વાંચવા બેસી જઈએ તો જ સત્સંગ થયો કહેવાય એવું કાંઈ નથી. પરંતુ આ બધી વાતો યોગ્ય રીતે જીવન જીવવા માટે ખૂબ ઉપયોગી છે. આવી વાતો, જ્યારે પણ મોકો મળે ત્યારે સાંભળીને જીવનમાં તેનો અમલ કરવા માટે સતત પ્રયત્નશીલ રહેવું એ પણ સત્સંગનો જ એક પ્રકાર છે. અસ્તુ.

"આપણે આપણાં જે કુટુંબીજનો મૃત્યુ પામ્યાં હોય છે તેમનું શ્રાદ્ધ કરીએ છીએ. આમ, દર બાર મહિને આપણે આપણાં મૃત્યુ પામેલાં સ્વજનોને યાદ કરવા કેટલો પ્રયત્ન કરીએ છીએ! જે શરીરથી હાજર નથી એના માટે આટલાં વાનાં કરીએ છીએ તો, જે શરીરથી હાજર છે તેના માટે તો કેટલું બધું કરવું જોઈએ. મરેલાંનું શ્રાદ્ધ તો સૌ કરે પણ જીવતાંનું શ્રાદ્ધ કરીએ તે જ ખરી મહાનતા છે. અને જીવતાંનું શ્રાદ્ધ કરવું એટલે તેમની સારસંભાળ લેવી, કાળજી રાખવી, તે વધુમાં વધુ સુખી કેમ થાય તે માટે સતત પ્રયત્ન કરતા રહેવું; અને આ બધું કરવા માટે થઈને પોતાનાં સુખ-સગવડનો ભોગ આપવો પડે તો તેમાં સહેજ પણ પાછી પાની ન કરવી. 'જીવતાંઓનું શ્રાદ્ધ કરવું' તેનો સાચો અર્થ આ છે.

"ખરું કહો તો આ બધી વાતો એ સત્સંગનો પ્રકાર જ છે, તે ઘણા ઊંચા પ્રકારનો જીવંત સત્સંગ છે. પણ આ બધી વાતો કરવી અને સાંભળવી સહેલી છે પરંતુ તેને જીવનમાં ઉતારી તે રીતે જીવવું ઘણું જ અઘરું છે. જીવનમાં જો સમજણપૂર્વકની ત્યાગ-બલિદાન-સંયમની ભાવના પ્રવર્તે તો જ તે પ્રમાણે જીવવાનું શક્ય બને છે. જે વ્યક્તિ આ પ્રમાણેનું જીવન જીવે છે તે ખરેખર શૂરવીર છે, વિરલ પુરુષ છે."

**કહની મિસરી ખાંડ હૈ, કરની તત્તા લોહ;**
**કહની કહે રહની રહે, ઐસા વિરલા કોક.**

પૂજ્યશ્રીના મોટાભાઈને શ્રદ્ધાંજલિ આપવા માટે યોજાયેલ આ કાર્યક્રમમાં ઉપસ્થિત સૌ ગુરુભાઈબહેનો, પૂજ્યશ્રીની વાણીગંગામાં સ્નાન કરી અભિભૂત થઈ ગયા. આ કાર્યક્રમ ફક્ત વહેવારિક કાર્યક્રમ ન રહેતાં એક દિવ્ય આધ્યાત્મિક કાર્યક્રમમાં રૂપાંતર થઈ ગયો. પૂજ્યશ્રીની વિશેષતા તો આ જ છે. તેઓ દરેક વહેવારિક-સામાજિક પ્રસંગને અલૌકિક આધ્યાત્મિક પ્રસંગમાં ફેરવી નાખે છે. આવા દરેક કાર્યક્રમો પતે ત્યારે આપણને એ વાતની ચોક્કસ ખાતરી થઈ જાય છે કે જીવન એ પણ એક સાધના જ છે. અસ્તુ.

## પ્રોજેક્ટ-લાયબ્રેરી હેઠળ આવરી લેવાયેલ પુસ્તકાલયોની યાદી

(ગતાંકથી ચાલુ)

(૮૩૦) સાર્વજનિક પુસ્તકાલય
કૃષ્ણધામ સોસાયટી, મેડા ઉપર,
ગુ.હા. ફ્લેટસની પાછળ, રાણીપ, તા. સીટી,
જિ.અમદાવાદ.

(૮૩૧) હિતેચ્છુ મંડળ સંચાલિત સાર્વજનિક પુસ્તકાલય
મુ. બાલાસિનોર, જિ. ખેડા.

(૮૩૨) નગરપંચાયત સંચાલિત જનરલ લાયબ્રેરી
મુ. મહેમદાવાદ, જિ. ખેડા.

(૮૩૩) શ્રી નંદલાલ જેઠાલાલ દેસાઈ સાર્વજનિક પુસ્તકાલય
મુ. ઠાસરા, જિ. ખેડા.

(૮૩૪) રા. સા. એમ. જે. ઠાકર સાર્વજનિક પુસ્તકાલય
મુ. ઉમરેઠ, જિ. ખેડા.
(૮૩૫) શ્રી રમણ પુસ્તકાલય અને મફત વાંચનાલય
મુ. તા. પ્રાંતિજ, જિ. બનાસકાંઠા.
(૮૩૬) ગ્રામપંચાયત સંચાલિત સાર્વજનિક પુસ્તકાલય
મુ. તા. બાયડ, જિ. બનાસકાંઠા.
(૮૩૭) નગર પંચાયત સંચાલિત વુડ હાઉસ લાયબ્રેરી
મુ. ઈડર, જિ. સાબરકાંઠા.
(૮૩૮) ગંભીરસિંહજી સાર્વજનિક પુસ્તકાલય
મુ. તા. માલપુર, જિ. સાબરકાંઠા.
(૮૩૯) મહેતા એચ. એલ. અને બાઈ આનંદી ફ્રી વાંચનાલય
મુ. ખેડબ્રહ્મા, જિ. સાબરકાંઠા.
(૮૪૦) શેઠ જે. એમ. તન્ના સાર્વજનિક પુસ્તકાલય
મુ. ભીલોડા, જિ. સાબરકાંઠા.
(૮૪૧) શ્રી સયાજી સાર્વજનિક પુસ્તકાલય
મુ. પો. ડભોઈ, તા. જિ. વડોદરા.
(૮૪૨) શ્રી સાર્વજનિક પુસ્તકાલય
મુ. પાદરા, જિ. વડોદરા.
(૮૪૩) શ્રી સયાજી શ્રેયોત્સવ સાર્વજનિક પુસ્તકાલય
મુ. શિનોર, જિ. વડોદરા.
(૮૪૪) શ્રી વૈદ્ય એ. એસ. સાર્વજનિક પુસ્તકાલય
મુ. સંખેડા, જિ. વડોદરા.
(૮૪૫) શ્રી સયાજી સિલ્વર જ્યુબિલી સાર્વજનિક પુસ્તકાલય
મુ. તિલકવાડા, જિ. વડોદરા.
(૮૪૬) શ્રી નટવરસિંહજી સાર્વજનિક પુસ્તકાલય
મુ. પાવી જેતપુર, જિ. વડોદરા.
(૮૪૭) વાગરા યુવક મંડળ સંચાલિત સાર્વજનિક પુસ્તકાલય
મુ. વાગરા, જિ. ભરૂચ.
(૮૪૮) શ્રીમતી તારાગૌરી સાર્વજનિક પુસ્તકાલય
મુ. જંબુસર, જિ. ભરૂચ.
(૮૪૯) જે. એન. પીટીટ લાયબ્રેરી
મુ. અંકલેશ્વર, જિ. ભરૂચ.
(૮૫૦) નગરપાલિકા સાર્વજનિક પુસ્તકાલય
મુ. રાજપીપળા, તા. નાંદોદ, જિ. ભરૂચ.
(૮૫૧) કાળીબેન ભગત સાર્વજનિક પુસ્તકાલય
મુ. દાહોદ, જિ. પંચમહાલ.
(૮૫૨) શ્રી ભોગીલાલ કાળીદાસ માસ્તર
સાર્વજનિક પુસ્તકાલય
મુ. હાલોલ, જિ. પંચમહાલ.
(૮૫૩) કેળવણી મંડળ સાર્વજનિક પુસ્તકાલય
મુ. શહેરા, જિ. પંચમહાલ.
(૮૫૪) લાલસિંહજી સાર્વજનિક પુસ્તકાલય
મુ. લુણાવાડા, જિ. પંચમહાલ.
(૮૫૫) વેદમંદિર સાયલા સંચાલિત શંકરાનંદજી પુસ્તકાલય
મુ. પો. તા. સાયલા, જિ. સુરેન્દ્રનગર,
પીન - ૩૬૩૪૩૦.
(૮૫૬) શ્રી વિકટોરીયા જ્યુબિલી પુસ્તકાલય
મુ. વાંકાનેર, જિ. રાજકોટ.
(૮૫૭) શ્રી હિન્દુ સેવા સમાજ સંચાલિત
સાર્વજનિક પુસ્તકાલય
મુ. પડધરી, જિ. રાજકોટ.
(૮૫૮) શ્રી સાર્વજનિક પુસ્તકાલય
મુ. દ્વારકા, જિ. જામનગર.
(૮૫૯) શ્રી સર જે. લાયબ્રેરી એન્ડ ફ્રી રીડિંગરૂમ
મુ. લીંબડી, જિ. સુરેન્દ્રનગર.
(૮૬૦) શ્રી દેવચંદજી સાર્વજનિક પુસ્તકાલય
મુ. લીંબડી, જિ. સુરેન્દ્રનગર.
(૮૬૧) શ્રી મોરબી નગરપાલિકા સંચાલિત
શ્રી મ. જી. મહેતા ટ્રસ્ટ પબ્લિક લાયબ્રેરી
મુ. મોરબી, જિ. રાજકોટ.
(૮૬૨) શ્રી ધોરાજી નગરપાલિકા સંચાલિત
શ્રી મેઘાણી વાંચનાલય
મુ. ધોરાજી, જિ. રાજકોટ.
(૮૬૩) રામચંદ્ર આર્ય સાર્વજનિક પુસ્તકાલય
મુ. પો. માંડવી, જિ. સુરત.
(૮૬૪) રતિલાલ ભોઈદાસ મોદી સાર્વજનિક પુસ્તકાલય
મુ. પો. કામરેજ, જિ. સુરત.
(૮૬૫) પલસાણા સાર્વજનિક પુસ્તકાલય- ફ્રી લાયબ્રેરી
મુ. પો. પલસાણા, જિ. સુરત.
(૮૬૬) સાર્વજનિક પુસ્તકાલય અને વાંચનાલય

દેસાઈવાડ, મુ. પો. ઓલપાડ, જિ. સુરત.

(૮૬૭) શ્રી સિહોર નગરપંચાયત સંચાલિત
મહેતા નાગરદાસ પુરુષોત્તમ પુસ્તકાલય
મુ. સિહોર, જિ. ભાવનગર.

(૮૬૮) શ્રી નગર પંચાયત સંચાલિત સાર્વજનિક પુસ્તકાલય
ટાવર ચોક, મુ. વલ્લભીપુર, જિ. ભાવનગર.

(૮૬૯) શ્રી નગરપંચાયત સંચાલિત સાર્વજનિક પુસ્તકાલય
વાવવાણા દરવાજા, મુ. ગારિયાધાર,
જિ. ભાવનગર.

(૮૭૦) શ્રી સંસ્કાર મંડળ ઉમરાળા સંચાલિત
સાર્વજનિક પુસ્તકાલય
ખાદી ભંડાર સામે, મુ. ઉમરાળા, જિ. ભાવનગર.

(૮૭૧) શ્રી કલાપી ફ્રિ લાયબ્રેરી
ચાવડા ગેટ પાસે, મુ. લાઠી, જિ. અમરેલી.

(૮૭૨) શ્રી ધારી નગરપંચાયત સંચાલિત બિલીમોરિયા
સાર્વજનિક પુસ્તકાલય
મુ. ધારી, જિ. અમરેલી.

(૮૭૩) શ્રી નગરપંચાયત સંચાલિત ગોવર્ધનદાસ
પુરુષોત્તમદાસ ભૂતપાણી પુસ્તકાલય
મુ. બગસરા, તા. કુકાવાવ-વડિયા, જિ. અમરેલી.

(૮૭૪) શ્રી પ્રતાપસિંહજી સાર્વજનિક પુસ્તકાલય
મુ. કોડીનાર, જિ. અમરેલી.

(૮૭૫) શ્રી શેઠ ત્રિભુવનદાસ માવજીભાઈ ફ્રિ રીડિંગરૂમ
અને સાર્વજનિક પુસ્તકાલય
મુ. જાફરાબાદ, જિ. અમરેલી.

(૮૭૬) શ્રી રામકૃષ્ણ વિવેકાનંદ કેન્દ્ર સંચાલિત લાયબ્રેરી
મુ. બાબરા, જિ. અમરેલી.

(૮૭૭) શ્રી ખાંભા સાર્વજનિક પુસ્તકાલય
મુ. ખાંભા, જિ. અમરેલી.

(૮૭૮) શ્રી નગરપંચાયત સંચાલિત સાર્વજનિક પુસ્તકાલય
મુ. કુકાવાવ, જિ. અમરેલી.

(૮૭૯) શ્રી નગરપંચાયત સંચાલિત સાર્વજનિક પુસ્તકાલય
મુ. વિસાવદર, જિ. જૂનાગઢ.

(૮૮૦) શ્રી નગરપંચાયત સંચાલિત સાર્વજનિક પુસ્તકાલય
પંચાયત ભવન, ટેલિફોન ઓફિસ સામે,
મુ. તાલાલાગીર, જિ. જૂનાગઢ.

(૮૮૧) શ્રી નગરપંચાયત સંચાલિત સાર્વજનિક પુસ્તકાલય
શરદ ચોક, મુ. કેશોદ, જિ. જૂનાગઢ.

(૮૮૨) કે. જી. મિત્રમંડળ સાર્વજનિક પુસ્તકાલય
મુ. હારીજ, જિ. મહેસાણા.

(૮૮૩) ચાણસ્મા તાલુકા પુસ્તકાલય
મુ. ચાણસ્મા, જિ. મહેસાણા.

(૮૮૪) સંતોકબાઈ સાર્વજનિક પુસ્તકાલય
મુ. ખેરાલુ, જિ. મહેસાણા.

(૮૮૫) પટેલ યુ. જે. સાર્વજનિક પુસ્તકાલય
મુ. ડિસા, જિ. બનાસકાંઠા.

(૮૮૬) શ્રી જીવન પ્રકાશ સાર્વજનિક પુસ્તકાલય
મુ. દિયોદર, જિ. બનાસકાંઠા.

(૮૮૭) સાર્વજનિક તાલુકા પુસ્તકાલય
મુ. સાંતલપુર, જિ. બનાસકાંઠા.

(૮૮૮) શ્રી બંધુસમાજ સાર્વજનિક પુસ્તકાલય
મુ. ધાનેરા, જિ. બનાસકાંઠા.

(૮૮૯) સાર્વજનિક પુસ્તકાલય
મુ. વડગામ, જિ. બનાસકાંઠા.

(૮૯૦) સાર્વજનિક પુસ્તકાલય
મુ. વાવ, જિ. બનાસકાંઠા.

(૮૯૧) સાર્વજનિક તાલુકા પુસ્તકાલય
મુ. સમી, જિ. મહેસાણા.

(૮૯૨) સાર્વજનિક પુસ્તકાલય
મુ. પો. ચાડા, તા. ખેરાલુ, જિ. વડોદરા.

(૮૯૩) કચ્છ અંજુમન-એ-ઈસ્લામ સાર્વજનિક પુસ્તકાલય
સોનાવાલા ગેટ, મુ. માંડવી-કચ્છ.

(૮૯૪) યુવક મંડળ ફ્રી લાયબ્રેરી
મુ. બારેજા, તા. દસક્રોઈ, જિ. અમદાવાદ.

(૮૯૫) સાર્વજનિક પુસ્તકાલય
મુ. કુહા, તા. દસક્રોઈ, જિ. અમદાવાદ.

(૮૯૬) સવૈયાનાથ લાલ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત
જ્ઞાનજ્યોત સાર્વજનિક પુસ્તકાલય

મુ. રામોલ, તા. દસક્રોઈ, જિ. અમદાવાદ.

(૮૯૭) શ્રી આર. એમ. પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત સાર્વજનિક પુસ્તકાલય
મુ. ભુવાલડી, તા. દસક્રોઈ, જિ. અમદાવાદ.

(૮૯૮) લોકનાદ ટ્રસ્ટ સંચાલિત સાર્વજનિક પુસ્તકાલય
મુ. રખિયાલ, તા. દહેગામ, જિ. અમદાવાદ.

(૮૯૯) નગરપંચાયત સંચાલિત શ્રી એન. એમ. નારિયેલવાલા સાર્વજનિક પુસ્તકાલય,
મુ. રાણપુર, તા. ધંધુકા, જિ. અમદાવાદ.

(૯૦૦) શ્રી રામગીનાસિંહ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત સાર્વજનિક પુસ્તકાલય
મુ. કડજોદરા, તા. દહેગામ, જિ. અમદાવાદ.

(૯૦૧) અભીપ્સા ચેરિટેબલ ટ્રસ્ટ સંચાલિત સાર્વજનિક પુસ્તકાલય
મુ. સાણોદા, તા. દહેગામ, જિ. અમદાવાદ.

(૯૦૨) સાર્વજનિક પુસ્તકાલય
મુ. આગરવા, તા. ઠાસરા, જિ. ખેડા.

(૯૦૩) સાર્વજનિક પુસ્તકાલય
મુ. કાલસર, તા. ઠાસરા, જિ. ખેડા.

(૯૦૪) શ્રી એમ. કે. સાર્વજનિક પુસ્તકાલય
મુ. ભાદરણ, તા. બોરસદ, જિ. ખેડા.

(૯૦૫) કુનીબા તથા ઝવેરબા સાર્વજનિક પુસ્તકાલય
મુ. દાવોલ, તા. બોરસદ, જિ. ખેડા.

(૯૦૬) સાર્વજનિક પુસ્તકાલય
મુ. અલારસા, તા. બોરસદ, જિ. ખેડા.

(૯૦૭) ધ. ન. પુસ્તકાલય
મુ. બોચાસણ, તા. બોરસદ, જિ. ખેડા.

(૯૦૮) સાર્વજનિક પુસ્તકાલય
મુ. દહેવાણ, તા. બોરસદ, જિ. ખેડા.

(૯૦૯) સાર્વજનિક પુસ્તકાલય
મુ. બામણગામ, તા. બોરસદ, જિ. ખેડા.

(૯૧૦) સાર્વજનિક પુસ્તકાલય
મુ. કઠાણા, તા. બોરસદ, જિ. ખેડા.

(૯૧૧) સાર્વજનિક પુસ્તકાલય
મુ. આસોદર, તા. બોરસદ, જિ. ખેડા.

(૯૧૨) સાર્વજનિક પુસ્તકાલય
મુ. બદલપુર, તા. બોરસદ, જિ. ખેડા.

## ઓ. પ્રે. પ. ટ્રસ્ટને માધ્યમ બનાવી પ્રોજેક્ટ લાયબ્રેરી અંતર્ગત પુસ્તકાલયોને સ્પોન્સર કરનારાઓની યાદી

| ક્રમાંક | નામ | પુસ્તકાલયોની સંખ્યા |
|---|---|---|
| (૧) | શ્રી નલીનભાઈ ઠક્કર | ૨૦ |
| (૨) | અનામી | ૨૦ |
| (૩) | શ્રી જે. ટી. જાની | ૧૦ |
| (૪) | શ્રી હર્ષદભાઈ બી. પટેલ | ૯ |
| (૫) | શ્રી પેરુમલ | ૮ |
| (૬) | હર્ષદ ઓટોમોબાઈલ્સ | ૬ |
| (૭) | હેમંત મોટર્સ | ૪ |
| (૮) | ડૉ. પરેશભાઈ એસ. પટેલ | ૩ |
| (૯) | શ્રી સરોજબેન નીલકંઠરાય પુરોહિત | ૧ |
| (૧૦) | શ્રી રમાબેન ભાનુપ્રસાદ ભટ્ટ | ૧ |
| (૧૧) | શ્રી શશીકાંતભાઈ પટેલ | ૧ |
| (૧૨) | શ્રી અનસૂયાબેન એન. વ્યાસ | ૧ |

નોંધ :- ઉપરોક્ત યાદી તા. ૧૫-૧૦-૯૬ સુધીની છે. ત્યાર પછીની યાદી હવે પછીના અંકોમાં નિયમિત રીતે પ્રગટ થતી રહેશે.

**સૌને નૂતન વર્ષ નિમિત્તે વંદન-અભિનંદન**

## ओीश्वर का बोधक (नाम) प्रणव/ओम् है।




( समाधिपाद के सूत्रों का भावानुवाद )

(२४) क्लेश, कर्म, कर्मफल और वासना जिसमें नहीं है ओैसा पुरुषविशेष/चेतनविशेष ओीश्वर है।

(२५) ओीश्वर संपूर्ण सर्वज्ञ है।

(२६) ओीश्वर पूर्वकाल के गुरुओं के भी गुरु है और काल की मर्यादा से (जन्म–मृत्यु से) पर है ।

(२७) ओीश्वर का नाम प्रणव/ओम् है ।

(२८) अर्थ के चिन्तन सहित ओम् का जप करना।

(२९) चिन्तन सहित जप करने से अन्तरायों का अभाव और आत्मसाक्षात्कार होता है।

प्राप्तिस्थान : ओम् परिवार, १/अ, पतिवडनगर, नारणपुरा, अहमदाबाद-३८० ०१३ ।

---

### ● ટ્રસ્ટના ઉદ્દેશો :-

(૧) સર્વવ્યાપક પરમ સૂક્ષ્મ ચેતન તત્ત્વ કે જેનું નામ પ્રણવ (ઓમ્ -ॐ) છે તેની પ્રતીતિ બહુજનસમાજને કરાવવા પ્રયત્ન કરવો. (૨) 'યોગ' નો પ્રચાર, પ્રસાર અને સંશોધન કરવા પ્રયત્ન કરવો. (૩) સમાજનું નૈતિક ધોરણ ઊંચું લાવવા માટે આધ્યાત્મિક જ્ઞાનનો સાહિત્ય દ્વારા પ્રચાર અને પ્રસાર કરવાનો પ્રયત્ન કરવો. (૪) આ ઉપરાંત 'બહુજનહિતાય-બહુજનસુખાય'ને લગતાં કાર્યો જેવાં કે કેળવણી, તબીબી સારવાર વગેરે કરવા માટે પ્રયત્ન કરવો.

**લવાજમ દર :-**

વાર્ષિક સભ્ય (ભારતમાં) ---------- રૂા. ૧૫-૦૦
આજીવન સભ્ય ( " ) ---------- રૂા. ૨૫૦-૦૦
વાર્ષિક સભ્ય (પરદેશમાં) ---------- ૧૨ $
આજીવન સભ્ય ( " ) ---------- ૧૦૧ $

**લવાજમ મોકલવાનું સ્થળ :-**

(૧) **ડૉ. સોમાભાઈ એ. પટેલ**
૧/અ, પલિયડનગર,
સેન્ટ ઝેવિયર્સ હાઈસ્કૂલ રોડ,
નારણપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩.

(૨) **નૈષધભાઈ સી. વ્યાસ**
"સ્વાશ્રય",
૩, ગંગાધર સોસાયટી, રામબાગ પાછળ,
મણીનગર, અમદાવાદ-૩૮૦ ૦૦૮.

**સૂચના :-**

(૧) લવાજમ ચેક દ્વારા અથવા મનીઓર્ડર દ્વારા " ઓ. પ્રે. પ. ટ્રસ્ટ " ના નામે મોકલવું. સાથે આપનું પૂરું નામ, સરનામું શુદ્ધ અક્ષરોમાં લખી મોકલવું.

(૨) જે સભ્યનાં રહેઠાણનાં સ્થળ બદલાયાં હોય તેમણે તેમના નવા રહેઠાણનું પૂરું સરનામું લખી મોકલવું જેથી વ્યવસ્થાપકોને અંક મોકલવામાં સરળતા રહે.

(૩) " ઋતમ્ભરા " ને લગતો પત્રવ્યવહાર નીચેના સરનામે કરવો.
**નૈષધભાઈ સી. વ્યાસ**
"સ્વાશ્રય",
૩, ગંગાધર સોસાયટી, રામબાગ પાછળ,
મણીનગર, અમદાવાદ-૩૮૦ ૦૦૮.

**પ. પૂ. ગુરુદેવ શ્રી યોગભિક્ષુજી સાથેના સંસ્મરણો તથા પ્રેરક પ્રસંગો આવકાર્ય છે.**

**..INTED BOOK**

Registrar of News Papers of India under Regd.No. 48770/90

આદ્યસંસ્થાપક તથા આધ્યાત્મિક વડા
પ. પૂ. ગુરુદેવ શ્રી યોગભિક્ષુજી

**PRINTED & PUBLISHED BY :-**
Dr. S. S. Bhikshu for
AUMGURU PREMSAMARPANDHYANBHIKSHU PARIVAR TRUST
1/A, Paliadnagar Society, Naranpura, Ahmedabad - 380 013.
Printed at: Kunal Offset, Odhav, Ahmedabad.
Hon. Editor : Naishadh vyas
(Reg. No. E/4416 Date 11-5-81)
I.T.E.U. 80-G (5) No. H.Q. -III 33-163/95-96 up to March 2000

To,

LM-863 NV H
NAVJIVAN CHARITABLE TRUST
NAVJIVAN
AHMEDABAD - 380 014.

Pin Code